ગુર્જરી

APRIL 2026

Navratri & Diwali Special

UPCOMING EVENTS

- May – Gujarat Day & Picnic
- May 22 - May 25 – FOGA Convention in Orlando
- August – Senior Day
- October – Garbas
- October – Diwali Dinner
- Yuva Events :
  - April 11 - Park Clean up day
  - April 23 – Feed My Starving Children











ENCORE ENTERPRISES

ABOUT US

Founded in 1999 by Dr. Bharat Sangani and Patrick Barber, Encore Enterprises, Inc. is a research-driven commercial real estate investment company focused on investing across multifamily, hospitality, mixed-use retail, office, and restaurants.

THE ENCORE EDGE

- 20+ year Track record
- Opportunistic, value-added deals with low correlation to asset type or economic cycle
- Disciplined approach has generated upside returns while preserving capital during economic downturns



IGNITE INVESTMENTS

Investments Offered By Ignite Investments

Contact Us: 214.259.2419 | spark@igniteinvestments.com

Dr. Bharat Sangani
Chairmain|Founder

encore.bz | igniteinvestments.com

અનુક્રમણિકા

1. સ્પોન્સર્સ લીસ્ટ.....II
2. પ્રમુખશ્રીનો સંદેશ.....01
3. કમીટી મેમ્બર્સ-2026.....02
4. ભારતમા વિજ્ઞાનનાં ભાવિ કરતા વિજ્ઞાનના ઈતિહાસની જ વાતો થાય છે.....05
5. Fighting Hunger, One Sandwich at a Time.....09
6. કથાત્મક પૂર્વગ્રહ.....11
7. ગીતઃ રડવા માટે કોણ ? / બાપા... છેલ્લી મુલાકાત રહી ગઈ / હું શું કરીશ તારા વગર ?/ પ્રગવું દિવાની જેમ!!.....12
8. આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ 13
9. Matrimony Event.....14
10. DFWGS Navaratri Picture - Khelaiya Group.....16
11. DFWGS Navaratri Picture - Bhoomi Trivedi.....18
12. DFWGS Navaratri Picture - Geeta Rabari.....20
13. Diwali Mela.....22
14. Yuva Impact.....24
15. Diwali dinner.....26
16. સુખી થવું તમારા તાબામાં નથી, દુઃખી ન થવું તમારા કાબૂમાં છે.....27
17. જે રજૂઆત કરવામાં કાબેલ, તેનું હશે રાજ.....29
18. પરાશક્તિ અને ઈશ્વરીય શક્તિનું માધ્યમ સ્વપ્ન છે.....34
19. ક્રાઈમ સિકેટ : એક ચીસે રિયાલિટી શોને ક્રાઈમ સીનમાં ફેરવી નાખ્યો.....36
20. ડોક્ટરની ડાયરી : હઠી જાય ઘૂંઘટ, ઢળી જાય ઘૂંઘટ, જુદી પ્રીત જાગે મલાજે-મલાજે.....39
21. વિચ્છેદ ડુબાડે છે, સંગાથ જીવનને તરતું રાખે છે!.....42
22. સૂર્યાનો નવો સંકલ્પ.....45
23. પ્રસંગકથા : માત્ર 'ન મારવું' એ જ અહિંસા નથી !.....56
24. સોશિયલ મિડીયા પેજ.....66

Sponsor's List

1. India Bazar....04
2. Aarti Jewelers....08
3. Chalak Mitra Group....10
4. Bhart Bhavan....15
5. Bombay Sizzler....17
6. Bhartiya Nivas....19
7. Dallas Renal Group....21
8. Abacus Insurance & Financial Services....23
9. Fossil Creek Liquor....25
10. Grand Center....28
11. The Brass Tap - Craft Beer Bar....32
12. Frog Roofing....33
13. Nizel Constructions....35
14. Dallas Fine Wine & Spirits Shop....38
15. Sawaii Indian Restaurant....41
16. Akshar Travels Pvt. Ltd. / Duct Time....44
17. Gwalia / Home with Loan....47
18. Honest Mc Kinney / H&M Tax Group....48
19. New York Life / Royal Sweets & Fast Food....49
20. RTI Snacks / Shital Balar....50
21. SonnyReena LLC / Tanishq Jewels....51
22. Travel King / Universal Green Group....52
23. Harvey's Ice Cream / Gopal Restaurant....53
24. GuruTax Pro / Omega Travels....54
25. Trident Financial Consultant / VP Realty....55
26. The Dripbar Plano / Hope of Gujarat....56
27. Special Thanks for - DFW Gujarati Samaj Doners....58
28. Foga Usa....59
29. IANT / MVP Digital Productions....60
30. Niren Patel / Megh Technologies....61
31. Gujarat Darpan / Texas Star....62
32. Chase Hospitality / Holiday Inn....63
33. Comfort Suites / Microsoft Azure....64
34. Bank of America / Pepsico....65

પ્રમુખશ્રીનો સંદેશ



DFW ગુજરાતી સમાજ માટે એક નવો અધ્યાય - પ્રમુખ શીતલ પટેલ દ્વારા

નમસ્તે,

અતિ વિનમ્રતા અને આભારી ભાવ સાથે હું DFW ગુજરાતી સમાજની પ્રમુખ તરીકે સેવા સ્વીકારું છું. ૩૨ વર્ષ પછી એક મહિલા પ્રમુખ તરીકે પસંદ થવું માત્ર મારા માટે ગૌરવની વાત નથી આ સમગ્ર સમાજ માટે એક ઐતિહાસિક ક્ષણ છે.

આ સિદ્ધિ દરેકે તે મહિલાની છે જેમણે વર્ષોથી નિઃસ્વાર્થ ભાવથી સમાજ માટે સેવા આપી છે કાર્યક્રમોનું આયોજન, પરંપરાઓનું સંરક્ષણ, પરિવારોને જોડવાનું કાર્ય અને પડદા પાછળથી નિષ્ઠાપૂર્વક યોગદાન આપ્યું છે. આજે આપણે પ્રગતિની ઉજવણી કરીએ છીએ અને સાથે સાથે આપણા મૂલ્યોમાં મજબૂત રહી આગળ વધીએ છીએ. અમારે સમાજ માત્ર એક સંસ્થા નથી; તે આપણુ વિસ્તૃત કુટુંબ છે-જયાં સંસ્કૃતિ ફૂલે-ફાલે છે, મિત્રતા મજબૂત બને છે અને પરંપરાઓ પેઢીથી પેઢી સુધી પહોચે છે.

આગળ વધતા મારું વિઝન ત્રણ મુખ્ય આધારસ્તંભો પર આધારીત છે.

એકતા, સેવા અને યુવા સશક્તિકરણ.

સૌપ્રથમ, આપણે આરોગ્ય જાગૃતિ અને શિક્ષણ પ્રત્યેની પ્રતિબદ્ધતા વધુ મજબૂત કરીશું. આજના સમયમાં પ્રિવેન્ટિવ કેર યોગ્ય માહિતી ખૂબ જ મહત્વપૂર્ણ છે. સેમિનાર, વર્કશોપ અને આરોગ્ય નિષ્ણાંતો સાથેના સહકાર દ્વારા આપણે સમાજ સુધી ઉપયોગી આરોગ્ય જ્ઞાન પહોચાડશું.

બીજું, આપણે DFW વિસ્તારમાં આવેલી અન્ય સમાજ સંસ્થાઓ સાથે વધુ મજબૂત સહકાર અને સંકલન સ્થાપિત કરવા પ્રયત્ન કરીશું. સાથે મળીને આપણે વધુ શક્તિશાળી બનીએ છીએ. પરસ્પર સહયોગ દ્વારા આપણે આપણા ગુજરાતી વારસાને ગૌરવ સાથે રજૂ કરી શકીશું.

ત્રીજું, યુવા પ્રવૃત્તિઓ પર ખાસ ધ્યાન આપવું અમારી પ્રાથમિક્તા રહેશે. આપણા યુવાનો પરંપરા અને ભવિષ્ય વચ્ચેનો સેતુ છે. નેતૃત્વ વિકાસ કાર્યક્રમો, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, સ્વયંસેવક તકો અને માર્ગદર્શન દ્વારા તેમને તેમની સંસ્કૃતિ સાથે જોડાયેલા રહેવા માટે પ્રોત્સાહિત કરીશું. સમાજ સેવા અમારી ઓળખ રહી છે અને રહેશે. કોમ્યુનિટી ડ્રાઇવ, ચેરીટેબલ પહેલ અને સેવાકીય પ્રવૃત્તિઓ દ્વારા DFW ગુજરાતી સમાજ કરુણા, જવાબદારી અને સાંસ્કૃતિક ગૌરવનું પ્રતિક બની રહેશે.

નેતૃત્વ પદ વિશે નથી - તે ઉદ્દેશ્ય વિશે છે. ટ્રસ્ટીઓ, સ્વયંસેવકો અને દરેક સભ્ય સાથે મળીને હું વધુ મજબૂત અને સર્વસમાવેશક ભવિષ્ય નિર્માણ કરવા પ્રતિબદ્ધ છું. આ માત્ર મારું પ્રમુખપદ નથી - આ આપણો સંયુક્ત પ્રયાસ છે.

અંતમાં, એક વિચાર સાથે સમાપ્ત કરું છું.

"જ્યારે આપણે પરંપરાનો માન રાખીએ છીએ, મહિલાઓને સશક્ત બનાવીએ અને યુવાનોમાં રોકાણ કરીએ છીએ, ત્યારે આપણે માત્ર સંસ્કૃતિ જ સાચવતા નથી-પણ એક વારસો નિર્માણ કરીએ છીએ."

આભારી અને દ્રઢ સંકલ્પ સાથે,
શીતલ પટેલ
પ્રમુખ, DFW ગુજરાતી સમાજ

Committee Members 2026

Executive Committee

- Shital Patel (President)
- Hasmukh Navadia (Vice President)
- Ravi Thakkar (Secretary)
- Mansi Taylor (Jt Secretary)
- Hitarth Trivedi (Treasurer)
- Rajesh D Patel (Jt Treasurer)
- Bela Shah (Treasury Team)
- Naresh Chokshi (Finance Audit)
- Jaymin Kavaiya (Marketing Lead)
- Kamlesh Shukla
- Shailesh Patel
- Manshi Kothari (Youth Forum)
- Piyush Bhatt (Marketing)
- Janantik Pandya
- Rakesh Patel

Chief Trustee

- Atman Rawal

Trustees :

- Ramanbhai Patel (Life Trustee)
- Sudhir Parikh (Life Trustee)
- Upendra Vora
- Nishendu Vasavada
- Gaurang Pandya
- Saunak Desai
- Jigish Shah
- Hemal Doshi
- Bhavin Amin

Transition Trustee

- Arman Koladia

Co. Op. Members

- Rupal Chokshi (Matrimony)
- Harsha Gandhi (Senior Forum)
- Sachin Mehta (IT)
- Viren Shah (Marketing)
- Maulik Bhatt (IT)
- Niketu Paekh (IT)

Team Members

- Raj Chaudhary
- Pradip Amin
- Nirav Desai
- Snehal Jasani
- Urmil Shah
- Anya Thakkar
- Anil Patel
- Sanjay Padsala
- Swati Shah
- Parv Borikar

Advisory Board Members

- Kiran Parekh
- Dilipbhai Shah
- Rajendrabhai Vankawala
- Manoj Parikh
- Anand Pabari
- Umeshbhai Shah
- Ronak Parikh
- Pradip Desai
- Rajiv Parekh

Upcoming events:

Here's what's coming up:

- **May – Gujarat Day & Picnic**
- **May 22 - May 25 – FOGA Convention in Orlando**
- **August – Senior Day**
- **October – Garbas**
- **October – Diwali Dinner**
- **Yuva Events :**
  - **April 11 - Park Clean up day**
  - **April 23 – Feed My Starving Children**

INDIA BAZAAR

Nobody gives you India like we do!

WE HAVE 12 LOCATIONS IN DFW METROPLEX!

- EAST PLANO
- WEST PLANO
- VALLEY RANCH
- LITTLE ELM
- RICHARDSON
- LEWISVILLE
- SOUTH IRVING
- FRISCO
- ELDORADO
- CARROLLTON
- FORT WORTH
- MCKINNEY

BIG NEWS, AUSTIN! NOW OPEN AT ↓↓↓
14300 RONALD REAGAN BLVD, SUITE #503, CEDAR PARK, TX

ORDER YOUR GROCERIES ONLINE WITH UBER EATS OR DOORDASH AND ENJOY FAST HOME DELIVERY!

Uber Eats | DOORDASH

SCAN ME FOR EXCLUSIVE DEALS AND FIND YOUR NEAREST INDIA BAZAAR!

JOIN US ON SOCIAL MEDIA.

SHOP MORE. EARN MORE. GET REWARDED.



At India Bazaar, every dollar you spend brings you closer to FREE GROCERIES

$1 = 1 POINT

2000 Points = $20 Worth Free Groceries

Don't wait, start earning today at all 12 DWF India Bazaar locations.

INDIACO BY INDIA BAZAAR FRESH MARKET

WWW.INDIABAZAARFRANCHISE.COM

BE YOUR OWN BOSS AND SERVE THE COMMUNITY...

START A FRANCHISE TODAY!

RAJULA'S KITCHEN

Indian Vegetarian Eatery

100% VEGETARIAN FOOD

EVERYDAY LIVE FOOD
JALEBI * CHAATS
PANIPURI

WE CATER!

RAJULA'S KITCHEN OFFERS LIVE CATERING FOR ALL FESTIVALS & SPECIAL OCCASIONS

JAIN FOOD – VEGAN & GLUTEN-FREE CATERING

972-878-7999



DAILY FRESH
- FRESH EGG-LESS PAV BREAD
- FRESH ROTI / THEPALA
- FRESH KHAMAN

SPECIALS
- GUJARATI THALI
- INDO -CHINESE FOOD
- SOUTH INDIAN FOOD

SNACKS & STREET FOOD
- APPETIZERS
- SIGNATURE CHAATS
- SANDWICHES
- SNACKS
- STREET FOOD
- BEVERAGES

SWEETS & DESSERTS
- GUJARATI SWEETS
- DRY FRUIT SWEETS
- BENGALI SWEETS

EAST PLANO, TX
820 W SPRING CREEK PKWY.
PLANO, TX 75023
PH: (972) 895-4644 (EXT: 1)

LEWISVILLE, TX
2151 S EDMONDS LANE
LEWISVILLE, TX 75067
PH: (972) 895-4644 (EXT: 2)

VALLEY RANCH, TX
8600 N MACARTHUR BLVD,
STE-138 IRVING, TX 75063
PH: (972) 895-4644 (EXT: 3)

ELDORADO, TX
14339 ELDORADO PKWY.
FRISCO, TX-75035
PH: (972) 895-4644 (EXT: 4)

ભારતમા વિજ્ઞાનનાં ભાવિ કરતા વિજ્ઞાનના ઇતિહાસની જ વાતો થાય છે



- વૈશ્વિક પ્રોડક્ટમાં શૂન્ય હાજરી, ૭૯ વર્ષમાં ૧૦ નોબેલ પ્રાઇઝ વિજેતા અને શોધ સંશોધનમાં ઉદાસીનતાઃ આર્થિક માપદંડ નહી વિજ્ઞાન, ટેકનોલોજી અને એ.આઇ.માં કોણ અગ્રેસર તે નક્કી કરશે કે વિશ્વમાં કયો દેશ અગ્રણી રહેશે.
- વિવિધા-ભવેન કચ્છી

- ભારતમાં મેરેથોનમાં હજારો યુવાનો ઉમટી પડે છે તે આવકાર્ય બાબત છે પણ વિદેશમાં 'માર્ચ ઓફ સાયન્સ' પણ યોજાય છે તેમાં યુવા પેઢી ઉત્સાહ સાથે ભાગ લે છે એક તરફ ભારત આગામી પાંચ વર્ષમાં વિશ્વ ગુરુ બનવાની વાતો કરે છે. મેક ઇન ઇન્ડિયા, સ્ટાર્ટ અપ, ડિજીટલ ઇન્ડિયા, વિશ્વનો સૌથી યુવા દેશ અને 'હમે દેશ બદલના હૈ'ના અને સ્વદેશી અપનાવો જેવા સુત્રો થાકી સ્વપ્ન સેવે છે પણ દેશોમાં જો સૌથી ઉપેક્ષીત હોય તો તે વિજ્ઞાન, સંશોધન, વિજ્ઞાન સંસ્થાઓ છે.

-વિજ્ઞાનના ફેકલ્ટી કે કુલપતિઓની નિમણુક પણ રાજકીય પ્રભાવથી થઇ હોઇ તેઓ પણ નેતાઓ ખુશ થાય તે માટે એકની એક રેકર્ડ વગાડે છે કે બ્રિટીશરોએ આપણી તમામ ફોર્મ્યુલા, પ્રોડક્ટ સિફતથી તેમના નામે કરી દીધી છે. માની લો કે ભુતકાળમાં આવો ભવ્ય વારસો આપણે ધરાવતા હતા તો પણ ક્યાં સુધી એકની એક વાતનું રટણ કરતા રહેવાનું, વિશ્વને પણ આવા દાવાઓમાં રસ નથી. વર્તમાન પર જ નજર રાખવી જોઇએ.

-અત્યારે વિશ્વ આર્ટિફિસિયલ ઇન્ટેલિજન્સ, હાયપર લૂપ ટ્રાન્સપોર્ટ, આર્ટિફિસિયલ અંગો, કેન્સર પર વિજય, વૈકલ્પિક ઊર્જા, ઓનલાઇન વૈશ્વિક યુનિવર્સિટી, બાયો-નેનો ટેકનોલોજી, જીનેટિક, સ્પોર્ટસ અને સાયન્સ, ભુખમરા અને આયુષ્યની સામે ઝીંક ઝીલવા ગળાડૂબ છે. હેરતભર્યા ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ આપણે યુ ટ્યુબ કે ઇન્ટાગ્રામ પર જોઇએ છીએ. સ્માર્ટ ફોન, સ્માર્ટ ગોગલ, કપડા સાથે જ જોડાયેલા કમ્પ્યુટર, ચીપ, કમ્યુનીકેશનની ક્રાંતિ થકી અગાઉ વિશ્વમાં ૫૦ વર્ષે જે પરિવર્તન થતું હતું તે હવે પાંચ વર્ષમાં આકાર પામી રહ્યું છે.

-આપણી તમામ ચીજવસ્તુ અને ટેકનોલોજીનું મૂળ સંશોધન વિદેશમાં થયેલું છે. મોટેભાગે તો મેઇડ ઇન યુએસએ, બ્રિટન, જર્મન, ફ્રાંસ, ઇટાલી, સાઉથ કોરિયા અને ચીન જ છવાયેલા છે. હા, સ્પેસ ક્ષેત્રે ગજબનુ કામ થયું છે પણ તેમાં દેશમાં વિજ્ઞાનનું વાતાવરણ સર્જાયું હાય તેની તે નીપજ હોય તેમ નથી.

-મેઇડ ઇન ચાઇનાની પ્રોડક્ટનો બહિષ્કાર કરવા કરતા ચીનની જેમ 'મેઇડ ઇન ઇન્ડિયા'ની પ્રોડક્ટ કેમ વિશ્વ બજારમાં વટભેર ઘૂસી ના શકે તેવો વિચાર આવવો જોઇએ.
-'જય જવાન, જય કિસાન, જય વિજ્ઞાન' જેવા સૂત્રોથી વિશ્વના દેશો નથી ચાલતા. ટચૂકડા દશો ૨૫-૫૦ નોબેલ પ્રાઇઝ વિનરો ધરાવે છે પણ ભારત ૭૯ વર્ષમાં ૧૦ જ નોબેલ પ્રાઇઝ મેળવી શક્યુ છે તેમાંથી છ તો તે વિજેતા વિદેશમાં સ્થાયી થઇને ત્યાં સંશોધન કર્યા પછી સફળ થયા છે.

-આપણા વડાપ્રધાન યુવા જગત અને વિજ્ઞાનીઓ જોડે સૌથી વધુ ખીલી ઉઠે છે પણ તેમની વાર્તામાં મોટિવેશનનો તેમજ

ભુતકાળની ભવ્ય પરંપરાની માત્રા વિશેષ હોય છે. વર્તમાન વાસ્તવિક્તાને સ્વીકારી અને વાતાવરણ ઘડવા માટેની નક્કર વ્યૂહરચનાનો અભાવ છે.

-વોટ્સએપમાં ચોટદાર જોક થોડા મહિના અગાઉ ફરતી હતી. પ્રેરણાત્મક પ્રવચન આપતા એક લોકપ્રિય વક્તા હવામાં મુઠ્ઠી ઉછાળીને યુવાનોને વિવેકાનંદની અદામાં કહેતા હતા કે, 'તમે દોડો... દોડી ના શકો તો ચાલો... ચાલી ના શકો તો લંગડાતા પગે ચાલો... અરે કંઈ નહીં તો ગોઠણભેર ભાખોડિયા પણ ભરો... બસ પેંશન સાથે આગળ ઘપો... શ્રોતાઓની તાળીઓ શાંત થઈ તે સાથે જ એક યુવાને હતાશા સાથે બધાને સંભળાય તેમ કહ્યું કે... 'સાહેબ... કયાં અને કઈ તરફ આ રીતે ચાલીએ તે તો કહો?'

-ભારતમાં જેના થકી ખરેખર બદલાવ લાવવાનો છે, વિશ્વગુરૂ બનવાના સપના આંખોમાં અંજાઈ રહ્યા છે તે શોધ-સંશોધન કે વિજ્ઞાન સંસ્થાઓ માટેનું ભારતનું બજેટ વિશ્વના મુખ્ય ૩૫ દેશોમાં સૌથી તળિયે છે ભારત તેની જીડીપીના માંડ ૦.૮ ટકા જ આ માટે ફાળવે છે. આ રકમ ₹ ૫૫,૦૦૦ કરોડ જેટલી છે.

-આ ૫૫૦૦૦ કરોડમાંથી પણ મિશન મંગળ-૨ માટે ૨૦ ટકા રકમ ફાળવાઈ છે. વિજ્ઞાન સંસ્થાઓમાં કૃષિ, તબીબી, અર્થ, સંરક્ષણ, રીન્યુએબલ એનર્જી, વૈકલ્પિક ઊર્જા, સોલાર, એટોમિક બાયોટેકનોલોજી, નેનો ટેકનોલોજી, આર્ટિફિસિયલ ઈન્ટેલિજન્ટ સ્પેસ રીસર્ચ, ઈન્ડસ્ટ્રીઅલ જેવા તમામ સંશોધન અને જુદી જુદી સંસ્થાઓને આટલામાંથી ફાળવણી કરવાની હોય છે.

-આવી કંગાળ ફાળવણીમાં પણ કરૂણતા એ ઉમેરાય છે કે ખરેખર પ્યોર સાયન્સ પર સંશોધનનું બજેટ અને લક્ષ્ય હોવું જોઈએ તેની જગ્યાએ આપણી પ્રાચીન માન્યતાઓમાં વિજ્ઞાન છે તે પુરવાર કરવા માટેના સંશાધનોમાં બજેટ ફાળવવામાં આવે છે. જેમ કે ગાયના દૂધની બનાવટમાં પોષક તત્ત્વો છે.. ગંગાનુ પાણી મલિન નથી થતું... યોગ વિજ્ઞાન છે... ભારતમાં ૨૦૦૦ વર્ષ પહેલા યુદ્ધમાં વપરાયેલાની સારવાર કેમ થતી હતી.. સૂર્ય અને પૃથ્વી વચ્ચેનું અંતર પ્રાચીન વિજ્ઞાનીઓએ પૂરાણોમાં જણાવેલું.. આવું બધુ પુરવાર કરવામાં પણ સમય અને નાણાં વેડફાય છે. પ્રોજેક્ટ અને પ્રેઝન્ટેશન પણ આવા જ વિષયોની ઈર્દગીર્દ ફરે છે.

-વિજ્ઞાન અને શોધ-સંશોધનનું વાતાવરણ સર્જવાની જરૂર છે. આપણે ત્યાં અમેરિકા, યુરોપ કે ચીનની જેમ શાળા કે કોલેજનુ શિક્ષણ કે ડિગ્રી પૂર્ણ ન કરી શકે તેવા જીનિયસ ડ્રોપ આઉટ ખીલી ઉઠી શકે ખરા? બિલ ગેટ્સને કે ઝકરબર્ગ, જેક મા ભારતમાં હોત તો ? ચીનમાં ગૂગલ, ફેસબુક કે વ્હોટ્સએપ સત્તાવાર એન્ટ્રી જ નથી અપાઈ.

-તેઓએ તેમની પોતાની ભાષાનું 'વેઈબો' વિક્સાવ્યું છે. કેન્દ્ર સરકારે વિશ્વની યુનિવર્સિટીઓ, સંશોધન કેન્દ્રો, અભ્યાસક્રમ, ત્યાંના વાતાવરણ પાછળના પરિબળો, ટેલેન્ટેડોને પ્લેટફોર્મ આપવાની સીસ્ટમ અને ફાળવાતા બજેટનો વિસ્તૃત પરિણામલક્ષી અભ્યાસ કરવો જોઈએ. 'મેઈડ ઈન ઈન્ડિયા' પ્રોજેક્ટનો વિશ્વના નાગરિકો ઉપયોગ કરતા હોય તેવું સ્વપ્ન હોવું જોઈએ. આપણી યુવા તાકાત જેવી ટેલેન્ટ વિશ્વના કોઈ દેશમાં નથી.

-માત્ર તેઓ તેમના માઈન્ડ નોકરી શોધી ઠરીઠામ થઈ જવાનો અને આમાં અમને શું મળશે? નો અભિગમ બદલવાની જરૂર છે. આપણા યુવાનોને તેમના કુટુંબની પણ જવાબદારી નીભાવવાની હોય છે. રાજય કે કેન્દ્ર સરકાર અને કોર્પોરેટ જગતે આવી પ્રતિભાને પારખીને તેઓ તેમનાં સંશોધનમાં નિશ્ચિંતતાથી વર્ષો વીતાવી શકે તેના કુટુંબને નાણા મોકલી શકે તે રીતે જાણે સારી રકમની નોકરીએ રાખ્યા હોય તેમ દત્તક લેવા જોઈએ.

-આઈપીએલ કે અન્ય રમતોની લીગની જેમ કોર્પોરેટ જગતે ફ્રેન્ચાઈઝી બનાવીને ટેલેન્ટેડ યુવા પેઢીમાંથી અલગ તારલાને શોધ-સંશોધનના પ્રોજેક્ટ માટે ખરીદવા કરોડોની બોલી સાથે પડાપડી કરવી જોઈએ. ખેલાડીઓને દોઢ મહિનાના આઈપીએલ માટે ₹ ૫૦ લાખથી ₹ ૧૨-૧૫ કરોડ મળતા હોય છે. જ્યારે આવી વિજ્ઞાન ટેલેન્ટ પ્રતિભાને તો વર્ષે દસ-

બાર લાખ રૂપિયા આપશો તો પણ ધન્યતા અનુભવશે. અમેરિકા અને યુરોપમાં બેઝબોલ, બાસ્કેટબોલ, ફૂટબોલ, એથ્લેટિક્સ, સ્વિમિંગ, ટેનિસનું સ્પોર્ટ્સ કલ્ચર તેમ શોધ-સંશોધનનું પણ મોડેલ છે.

-એવું લાગે કે આપણી કોઈ દાનત કે ગૌરવ લેવાની અભિપ્સા જ નથી કે વિશ્વમાં આપણી વેપારી, પગારદાર કે મની માઈન્ડેડ સીવાયની નોંધ લેવાય.

-મતલબ ટેલેન્ટની ટંકશાળ સાથે આપણી યુવા પેઢીનો બહોળો વર્ગ અવો પણ છે કે ફૂલ ટાઈમ સાહિત્ય, શ્રૃંગાર, ઘરમાં બેસીને વડીલો જોડે પંચાત, કોલેજમાં ડેની ઉજવણી, સાંસ્કૃતિક કાર્યક્રમો, પુસ્તકનાં વિમોચન, ધાર્મિક સત્સંગ, શિબિર, મોટિવેશનના કાર્યક્રમો અને શબ્દોના સથિયા અને સંવેદના જગાવવાના અતિરેકમાં તેનો કીંમતી સમય વ્યતિત કરે છે. વોટ્સએપ, ફેસબુક સ્માર્ટફોન અને ડિજિટલ ટેકનોલોજીથી વૈશ્વિક જ્ઞાન સંપાદન પ્રાપ્ત કરવાની જગ્યાએ ગોસીપ ગ્લેમર અને ગોડમેનની પોસ્ટમાં ગળાડૂબ રહે છે.

-યુવાનો અનામત માટે, માનવ હક્કોની જાળવણી માટે, સરકારની નીતિ વિરુદ્ધ કે અક્ટિવિસ્ટ બનીને નવી દિલ્હી કે ભારતના શહેરોમાં હજારોની સંખ્યામાં ઉમટીને બેનરો, મીણબત્તી સાથે પ્રદર્શન કરશે પણ વિકસીત દેશોની જેમ અમારે પણ નાગરિક શિસ્ત જોઈએ, આપણી સીસ્ટમ, શૈક્ષણિક સંસ્થાઓ વિદેશની જેમ ચાલે તેવી માંગ સાથે રેલી નથી નીકળતી.

-ભારતમાં દર ઓગસ્ટ મહિનામાં વિજ્ઞાન સંસ્થાઓ જાગ્રત બને અને વિજ્ઞાન માટે સરકાર દ્વારા ફાળવાયેલ ફંડથી માંડી ઈનુદાનનો યોગ્ય ઉપયોગ થાય અને નવી પેઢીમાં વિજ્ઞાન પ્રત્યે રુચિ કેળવાય એક વાતાવરણ સર્જાય તે 'માર્ચ ફોર સાયન્સ' કાર્યક્રમ શહેરોમાં યોજાતો હોય છે. જેમાં કમનસીબે દેશના આઠેક શહેરો માંડ જોડાતા હોય છે. કુલ મળીને દેશભરના રસ્તા પર બેનર લઈને આવેલા વિજ્ઞાનીઓ, વિદ્યાર્થીઓનો સરેરાશ આંક ૨૧૦૦ માંડ હોય છે. ગયા વર્ષની આવી માર્ચમાં ભાગ લેનારાઓનો નવી દિલ્હીમાં આ આંક માત્ર ૨૦૦નો હતો... જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટીના અક વર્ગ ખંડની ક્ષમતા જેટલો ! આવા કાર્યક્રમમાં યુવા પેઢી મોટી સંખ્યામાં તો જ આવે જો તેનો પ્રચાર થાય, ટોચની કંપનીઓ અને વિજ્ઞાન સંસ્થાઓ, રાજ્ય સરકાર તેમાં પ્રાયોજક બને. પણ આમાંનું કંઈ થતું નથી. વિજ્ઞાનના કોઈ પ્રસાર માટેના કાર્યક્રમ કે સંસ્થાને કોર્પોરેટ જગત જોઈએ તેવો સાથ નથી આપતુ. ગ્લેમર અને શ્રૃંગાર કાર્યક્રમો માટે બજેટ મળી જાય છે. ઓક્ટોબરથી જાન્યુઆરી દરમ્યાન શહેરોમાં મેરેથોન યોજાય છે. કોર્પોરેટ જગત તેમાં જોડાય છે કેમ કે તેઓને ત્યાં પ્રચાર થતો હોય તે દેખાય છે. મેરેથોન ફેશન અને સેલીબ્રીટી ઈવન્ટ બની ચુક્યો છે. નાગરિકોની ફિટનેસ માટે સભાનતા વધી છે તે પણ સારી વાત છે પણ વિજ્ઞાન પ્રત્યે સદંતર ઉદાસીનતા જોઈને વિજ્ઞાનના ભાવિની જગ્યાએ ભારતના વિજ્ઞાનના ઈતિહાસ પર ભગ્ન હૃદયે ગૌરવ લેવામાં નાગરિકો પણ જોડાઈ જાય છે.

-ભાવેન કચ્છી

જ્ઞાન પોસ્ટ

વિજ્ઞાન સંસ્થા, લેબોરેટરી, સંશોધન માટેનું બજેટ અને રમતના મેદાનો જેની પાસે વધુ હશે તે ભવિષ્યમાં વિશ્વ ગુરુ બનશે. ઓલિમ્પિકના મેડલ અને નોબેલ વિજેતાની સંખ્યા બીજો માપદંડ હશે. અમેરિકા અને ચીન વચ્ચે હાલ આ જ સ્પર્ધા છે.

SINCE 1997

AARTI JEWELERS®

SECOND SHOWROOM IN

FRISCO



22KT PLAIN & ANTIQUE

22KT SOUTH INDIAN

18KT IGI CERTIFIED DIAMOND

24K BARS & BANGLES

CUSTOMS ORDER

SILVER ITEMS

ALL GEMS STONES



109 SOUTH CENTRAL EXPWY., RICHARDSON, TX 75080
Phone : 972 - 918 - 9933 | www.aartijewelers.com
8870, COIT ROAD, FRISCO 75035

Follow us @aartijeweler
Hours : 12:00 - 7:00pm (Tuesdays Closed)

Fighting Hunger, One Sandwich at a Time



- Yuva Impact mobilized youth volunteers to prepare and donate over 2,000 sandwiches and meals to homeless individuals and students in the DFW area. What began with 1,200 sandwiches quickly grew into a larger movement.

- We also guided organizations like Sewa International and VYO to expand hunger relief efforts. Our goal: 5,000 sandwiches — ensuring no one in our community goes hungry

★★★

CMG COMPANIES

FEATURED ON MAJOR PUBLICATIONS











www.cmg.team

કથાત્મક પૂર્વગ્રહ

- માનવમન સ્વભાવથી જ વાર્તાઓને પસંદ કરે છે. આપણે જે કંઈ સાંભળીએ કે જોઈએ છીએ, તેને તથ્યોની કડક તપાસ કરતા પહેલા એક કહાણીના સ્વરૂપમાં સમજવાનો પ્રયાસ કરીએ છીએ. આ પ્રક્રિયામાંથી "કથાત્મક પૂર્વગ્રહ" જન્મે છે. જ્યારે આપણે કોઇ ઘટના, વ્યક્તિ કે પરિસ્થિતિને પૂરતા તથ્યો વિના, માત્ર આકર્ષક વાર્તાના આધારે જ સમજી લઈએ છીએ અને એ વાર્તા આપણા વિચાર તથા નિર્ણયોને પ્રભાવિત કરે છે, ત્યારે તેને કથાત્મક પૂર્વગ્રહ કહેવામાં આવે છે.

- કથાત્મક પૂર્વગ્રહના કારણે આપણે ઘણી વખત વાસ્તવિકતા કરતાં કલ્પનાને વધારે મહત્વ આપી દઈએ છીએ. ઉદાહરણ તરીકે, કોઇ સફળ વ્યક્તિની કહાની સાંભળ્યા પછી આપણે માનીએ છીએ કે તેની સફળતા માત્ર મહેનતના કારણે જ મળી છે, જ્યારે ભાગ્ય, યોગ્ય સમય, પરિસ્થિતિઓ અને અન્ય પરિબળોને અવગણી દઈએ છીએ. એ જ રીતે, કોઇ વ્યક્તિ વિશે એક નકારાત્મક ઘટના સાંભળ્યા બાદ આપણે તેની આખી વ્યક્તિગતતા વિશે ખોટી ધારણા બાંધી લઈએ છીએ, કારણ કે આપણું મન અધૂરી માહિતી પરથી એક પૂર્ણ કહાણી ઘડી લે છે.

- આ પ્રકારનો પૂર્વગ્રહ માનવીય સંબંધોમાં પણ ગંભીર અસર કરે છે. ઘણી વખત કેટલાક લોકો તમને માત્ર એટલા માટે નફરત કરે છે કે તેમણે તમારી તરફની વાત સાંભળી જ નથી હોતી. તમારા તરફ આવતી મોટાભાગની નફરત ખરેખર તમારા વિષે નથી હોતી, પરંતુ તમારી ગેરહાજરીમાં તમારા વિષે રચાયેલી વાર્તા વિષે હોય છે. જ્યારે લોકોને સંપૂર્ણ હકીકત ખબર નથી હોતી, ત્યારે તેઓ ખૂટતી માહિતીમાં પોતાની કલ્પનાઓ ઉમેરે છે અને કમનસીબે આવી કાલ્પનિક વાર્તાઓનો મોટાભાગનો ભાગ વ્યક્તિની વિરુદ્ધ જ વળે છે.

- કથાત્મક પૂર્વગ્રહ સમાજમાં ગેરસમજ અને ભેદભાવ ઊભો કરે છે. અફવાઓ, અર્ધસત્ય અને વધારીને કહેવામાં આવેલી વાતો તેને વધુ મજબુત બનાવે છે. ખાસ કરીને સોશિયલ મીડિયા પર ફેલાતી વાર્તાઓ લોકોના વિચારોને ઝડપથી પ્રભાવિત કરે છે, જેના કારણે સાચું અને ખોટું વચ્ચેનો ભેદ સમજવો મુશ્કેલ બની જાય છે. લોકોને સત્ય કરતાં એવી વાર્તા વધુ આકર્ષે છે જેમાં કોઈને વિલન તરીકે રજૂ કરવામાં આવ્યો હોય.

- પ્રખ્યાત જર્મન તત્વજ્ઞાની નિત્શે કહે છે કે દુ:ખ એ વાતનું નથી કે લોકોએ તમારા વિષે વાર્તાઓ ફેલાવી, પરંતુ એ છે કે ત્યારબાદ તમે ફરી એમની ઉપર વિશ્વાસ કરી શક્તા નથી. હકીકત એ છે કે લોકોને તમારા સત્ય સાથે ખાસ લગાવ હોતો નથી; તેમને તો માત્ર વાર્તા જોઈએ છે. છતાં પણ એકથિત રહેલી વાર્તા અસત્ય નથી હોતી. કેટલાક સત્ય બીજ જેવા હોય છે, જે દબાયેલા રહીને ધીમે ધીમે અંકુરિત થાય છે અને યોગ્ય સમય આવે ત્યારે સપાટી ઉપર ઉગી નીકળે છે.

- કથાત્મક પૂર્વગ્રહથી બચવા માટે તર્કશક્તિ, તટસ્થ વિચાર અને સત્યની તપાસ અત્યંત જરૂરી છે. કોઈપણ માહિતી સ્વીકારતા પહેલાં તેના તથ્યો તપાસવા જોઈએ અને અકતરફી કહાણીના આધારે નિર્ણય લેવાનો ટાળવો જોઈએ. અંતમાં કહી શકાય કે કથાત્મક પૂર્વગ્રહ માનવમનની એક સ્વાભાવિક કમજોરી છે, પરંતુ જાગૃતિ અને વિચારશીલતા દ્વારા તેને ઘટાડી શકાય છે. સાચા તથ્યો પર આધારિત વિચારધારા અપનાવવાથી વ્યક્તિ અને સમાજ બંને વધુ સકારાત્મક અને ન્યાયી બની શકે છે.

-રૂપલ ચોક્સી

ગીતઃ રડવા માટે કોણ ?

હસવા માટે ઊભા સંબંધો રડવા માટે કોણ ?
એકલવ્ય તો શીખે એકલો અર્જુન માટે દ્રોણ...

દશે દિશાઓ સામે આવે સૂર્ય તમારો તપતો,
નામ તમારું સાંજે કેવું ચંદ્ર આભમાં રટતો...

ઊભો છે મોભો સૌના માટે સમય જોઈને ઓણ
હસવા માટે ઊભા સંબંધો રડવા માટે કોણ ?

અમલ રાખશે રાજાશાહી ખીસ્સુ હોજો ભારે
લાખ ઉધારી પાછી પડશે તોર પછી ના વારે

પોચી થાશે સાડાબારી નમતું નાખો મોણ..
હસવા માટે ઊભા સંબંધો રડવા માટે કોણ?

હવે જમાનો સંબંધોનો હિસાબી થઈ રહેવાનો,
શરમ આંખની દૂર કરીને મોંઢા પર કહેવાનો..

તીર હશે જો બબ્બે સાથે પછી ફાવશે તોણ..
હસવા માટે ઊભા સંબંધો રડવા માટે કોણ?

હસવા માટે ઊભા સંબંધો રડવા માટે કોણ ?
એકલવ્ય તો શીખે એકલો અર્જુન માટે દ્રોણ...

- હરીશ શાહ

હું શું કરીશ તારા વગર ?

હું શું કરીશ તારા વગર એની મને ક્યાં છે ખબર,
તારા સિવાય જડતી નથી મને બીજી કોઇ ડગર,

મસ્તિષ્ક ભોળવે ને બતાવે કેટલાંય અગર-મગર,
છતાં હૃદયને ક્યાં છે એની ફિકર,

એ તો છે સદા લાગણીસભર,
તારાં માટે છે અમાં પ્રેમ અમર,

જાણે તું આખુંય પ્રેમ-નગર,
ને હું કરતી જાણે એમાં અથાક સફર,

અને જ્યાં સુધી આ શ્વાસ રહેશે,
વર્તાશે મુજ પર તારી અસર,

એટલે જ કહું છુંઃ
હું શું કરીશ તારા વગર એની મને ક્યાં છે ખબર,
તારા સિવાય જડતી નથી મને બીજી કોઇ ડગર...

-ઉર્મિત શાહ

બાપા... છેલ્લી મુલાકાત રહી ગઇ

બાપા, દિલમાં એક ખાલી ઘાવ રહી ગયો,
તમને છેલ્લે મળી ન શક્યો - એ અફસોસ રહી ગયો.

કહેવાનું ઘણું હતું, શબ્દો રહ્યા અણકહ્યા,
"કાલે મળીશું" કહેલું, પણ કાલ ક્યારેય રહ્યો નહીં ત્યાં.

રાહ જોતો રહ્યો, સમય હાથમાંથી સરકી ગયો,
તમારો અવાજ મનમાં ગુંજ્યો, સામે બેઠો સાંભળીન શક્યો.

તમારી વિદાયે જીવનનો સાચો પાઠ શીખવી ગયો,
એક પળમાં માણસ કેટલો મોટો થઈ ગયો.

માફ કરજો બાપા, છેલ્લો હાથ હું પકડી ન શક્યો,
આંખમાં આંખ ભરી "હું અહીં છું" કહી ન શક્યો.

વિદાયના શબ્દો વગર તમે દૂર ચાલ્યા ગયા,
અને હું જીવનભરનો અફસોસ લઈને અહીં રહી ગયો.

રાત પડે ત્યારે શાંતિ પણ દુઃખ બોલે વાત,
દિલમાં આજે પણ બળે - એ અધૂરી મુલાકાત.

બાપા, તમે ગયા નથી, એ દિલ માને છે,
પણ એ એક છેલ્લી મુલાકાત...
આ પુત્રને રોજ સતાવે છે.

- આપનો પુત્ર - રવિ ઠક્કર

પ્રગવું દિવાની જેમ!!

પ્રગવું દિવાની જેમ...
પ્રકાશ આપવા.
સળગવું ચૂલાના અગ્નિની જેમ...
લોકોના પેટની આગ ઠારવા.
ભસ્મ થાવું અગરબત્તીની જેમ...
સુગંધ આપવા.
પીગળવું મીણબત્તીની જેમ...
સમાજને પોતાની યથાશક્તિ આપવા.

આ ચારેય પ્રગટે છે ત્યારે ધુમાડો અવશ્ય નીકળે છે.
ચારેય બળીને ભસ્મ થઈ જાય છે,
પરંતુ અંતરમનનો પ્રકાશ ફેલાવીને જાય છે.

-: ટહુકો :-
ખુશામત તો પ્રભુને પણ ગમે છે. આપણે તો માનવી છીએ.
આજના યુગમાં ખુશામતખોરોથી સાચવવું પડે તેમ છે.
વધુ પડતી ખુશામત મોટી મોટી રાજગાદીની પડતીનું કારણ બને છે.

જય ગુરુદેવ - જય શ્રી કૃષ્ણ.

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ

ભારતીય મહિલાઓની શક્તિ અને પ્રેરણા

- દર વર્ષે ૮ માર્ચે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ઉજવવામાં આવે છે. આ દિવસ મહિલાઓની શક્તિ, સંઘર્ષ, સિદ્ધિઓ અને સમાજમાં તેમના મહત્વપૂર્ણ યોગદાનને સન્માન આપવા માટે સમર્પિત છે. ખાસ કરીને ભારતીય મહિલાઓએ પોતાના પરિશ્રમ, સહનશક્તિ અને પ્રતિભા દ્વારા વિશ્વમાં એક આગવું સ્થાન બનાવ્યું છે.

- ભારતના ઈતિહાસમાં મહિલાઓએ હંમેશા મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. ઘરની સંભાળથી લઈને શિક્ષણ, વિજ્ઞાન, રાજકારણ, વ્યવસાય અને કલા ક્ષેત્ર સુધી ભારતીય મહિલાઓએ અનેક સિદ્ધિઓ મેળવી છે. આજે ઘણી મહિલાઓ ડોક્ટર, એન્જિનિયર, ઉદ્યોગપતિ, શિક્ષક, વૈજ્ઞાનિક અને નેતા તરીકે સમાજને માર્ગદર્શન આપી રહી છે.

- પરંતુ આ સફળતા સરળતાથી મળી નથી. ભારતીય મહિલાઓએ ઘણી સામાજિક પરંપરાઓ, અસમાનતા અને પડકારોનો સામનો કરીને આગળ વધવું પડ્યું છે. તેમ છતાં, તેમની હિંમત અને આત્મવિશ્વાસે તેમને સતત પ્રગતિ તરફ આગળ ધપાવ્યા છે.

- આજના સમયમાં ભારતીય મહિલાઓ માત્ર પોતાના પરિવારને જ નહીં, પરંતુ સમગ્ર સમાજ અને દેશના વિકાસમાં પણ મહત્વપૂર્ણ યોગદાન આપી રહી છે. તેઓ શિક્ષણમાં આગળ વધી રહી છે, નવી નવી તકનો લાભ લઈ રહી છે અને પોતાના સપનાઓને સાકાર કરી રહી છે.

- આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ આપણને યાદ અપાવે છે કે મહિલાઓને સમાન તક, સન્માન અને સુરક્ષા આપવી આપણા સૌની જવાબદારી છે. જ્યારે મહિલાઓ સશક્ત બને છે, ત્યારે પરિવાર, સમાજ અને દેશ - ત્રણેય મજબૂત બને છે.

- અંતમાં, આ દિવસ દરેક મહિલાને સલામ કરવાનો દિવસ છે - તેમની મહેનત, તેમના ત્યાગ અને તેમના અદમ્ય આત્મવિશ્વાસ માટે. ચાલો, આપણે સૌ મળીને મહિલાઓનો સન્માન કરીએ અને એક એવું સમાજ બનાવીએ જ્યાં દરેક મહિલાને પોતાના સપના પૂરાં કરવાની સંપૂર્ણ તક મળે.

- ‘‘જ્યારે મહિલા આગળ વધે છે, ત્યારે સમગ્ર સમાજ આગળ વધે છે.’’

Article by
Shital Patel,
(President DFW Gujarati Samaj)

Matrimony Event















BHARAT BHAVAN

UNIQUE VEGETARIAN RESTAURANT

We offer **authentic pure Indian vegetarian** food from all over India, including **Jain food and contemporary fusion** foods.

WE ARE NOW OPEN FOR **DINE-IN CUSTOMERS**

OPENING HOURS



WEEKDAYS

FROM 5:00PM - 10:30PM ONLY



WEEKENDS

8:00 AM - 3:00PM

5:00PM - 10:30PM

WE ALSO OFFER CUSTOMIZED CATERING SERVICES FOR ALL OCCASIONS.

CATERING CONTACT-469-990-2010 / 945-257-4370

DFWGS Navaratri Picture - Khelaiya Group





















Bombay Chowpatty

972-677-7658

BOMBAY SIZZLER

BAR & GRILL

972-255-5400

ked's

ICE CREAM, WAFFLES & CREPES

825 West Royal Lane, Irving, TX 75039

#110, 120, 130

WE CATER!!!

DFWGS Navaratri Picture - Bhoomi Trivedi





















BHARTIYA NIVAS

Step into Bhartiya Nivas, an all-inclusive vibrant sanctuary for the 55+ community, where tradition and modernity blend in perfect harmony. Rooted in rich Indian heritage and thoughtfully designed for today's active seniors, our community is more than a place to live — it's a way to connect, celebrate, and thrive.

- **Assisted Living & Memory Care coming soon!***
- Easy access to healthcare and personal assistance services *



Live Life Fully.



HIGHLIGHTS

- All-Inclusive Rates
- Central Location
- Peace of mind with 24/7 Staffing
- Beautiful Studio, 1-bedroom and 2-bedroom apartments

WHY BHARTIYA NIVAS?

- Vibrant community
- Great calendar of activities
- Home-style Indian food
- Lovely gardens/courtyards

Studio Apartment	(263 - 510 Sq ft)	$2,400 per month
One Bedroom Suite	(440 - 775 Sq ft)	$3,450 per month
Two Bedroom	(850 - 1090 Sq ft)	$5,200 per month
XL Bedroom Suite	(1090 Sq ft)	$5,900 per month
XL Bedroom Suite	(1090 - 1480 Sq ft)	$7,900 per month



ભારતીયનિવાસ એક એવું સ્થાન છે જે અનોખી જીવનશૈલી અહે પ્રદાન કરે છે. સંસ્કૃતિતુ મિશ્રાશ કરે. છે. ભારતીયનિવાસશં મિત્રો. ભારતીય સ્વાવિદીત ભોખન સાથે જોજાઅંદા સાને સોમ્યે થેશ તમો આમા પીતન જા જેને ચમુભર કારશો!

અમારો સર્વ સમાવેશી અભિગમ સુનિશ્ચિત કરે છે કે દરેક વ્યક્તિ, સ્વાગત સર્વ આહર આદર સ્વ સમર્મનન આ સમુમવ પરશે.

સ્મૃતિ સંભાળ અને સહાયિત જીવન સહાય ટૂંક સમયમાં ઉપલબ્ધ થશે.

જીવનનો આનંદ સંપૂર્ણ રીતે માણો.

7750 LBJ Freeway, Dallas, TX 75251 **214-838-7750** www.BhartiyaNivas.com

DFWGS Navaratri Picture - Geeta Rabari





















Dallas Renal Group

Leaders in Kidney Care

20 years of Excellence



Irfan Agha, MD | Aiman Ajaz, MD | Fahad Alobaidi, MD | Deepa Amberker, MD | Eldrid Baez, MD | Muhammad Chaudhry, MD | Ratna Danda, MD | Ammar Haque, MD



Amna Ilahe, MD | Ajay Kallam, MD | Swapna Katipally, MD | Shehpar Khan, MD | Mahboob Khan, MD | Naseer Khan, MD | Apurva Lapsiwala, MD | Saqib Mahmud, MD



Parin Makadia, MD | Madhavi Mallareddy, MD | Joshua Martinez, DO | Suresh Margassery, MD | Mohammad Hussain, MD | Rama Nadella, MD | Samir Nangia, MD | Hoang-Lan Nguyen, DO



Chinedu Nwachukwu, MD | Smitha Pamulaparthy, MD | Tanazul Pariswala, MD | Joonho Park, MD | Vik Prakash, MD | Mamatha Racheruvu, MD | Sunil Sherchan, MD | Magdalena Sikora, MD



Silvi Simon, MD | AbdulRehman, Syed, DO | Hanna Thomas, MD | Jennifer Truong, MD | Taryn Turner, DO | Latha Velusamy, MD | Sri Venkataraman, MD

SOUTH DALLAS | NORTH DALLAS | EAST DALLAS | GRANBURY | ARLINGTON | WAXAHACHIE

GARLAND | ROCKWALL | PLANO | LAWTON | MCKINNEY | MANSFIELD

Follow us on :

DallasRenalGroup.com

Diwali Mela


DIGITAL SHAADI
PHOTO | CINEMA


DIGITAL SHAADI
PHOTO | CINEMA


DIGITAL SHAADI
PHOTO | CINEMA


DIGITAL SHAADI
PHOTO | CINEMA


DIGITAL SHAADI
PHOTO | CINEMA


Welcome Dignitaries
DIGITAL SHAADI
PHOTO | CINEMA


DIGITAL SHAADI
PHOTO | CINEMA


DIGITAL SHAADI
PHOTO | CINEMA


DIGITAL SHAADI
PHOTO | CINEMA


DIGITAL SHAADI
PHOTO | CINEMA



ABACUS INSURANCE & FINANCIAL SERVICES

HOME | AUTO | BUSINESS | LIFE

Abacus Insurance & Financial services, represents over 200 + (AM Best/Excellent) rated carriers and we are licensed in 40 states across USA. With our 22 years of combined experience in Insurance industry, we can optimize your insurance coverage while saving you 20% or more. We are recognized for our team of dedicated professional & knowledgeable insurance agents, we take pride in ourselves on customer experience & satisfaction.



Type of policies we offer

Personal line :

- Home
- Auto
- Life Insurance

Commercial line:

- Property
- Liability
- Pollution
- Flood
- BuilderRisk
- Umbrella

1304 W Walnut Hill Lane #245
Irving, TX 75038

www.abacusinsurance.net
(972) 600-8460

Yuva Impact







DFW Gujarati Samaj YUVA ~ Coffee with Cop ~ Frisco Police Department
















Fossil Creek
LIQUOR
Fossil Creek
LIQUOR

Diwali Dinner





















સુખી થવું તમારા તાબામાં નથી, દુઃખી ન થવું તમારા કાબૂમાં છે

(તડકભડકઃ 'સંદેશ', 'સંસ્કાર' પૂર્તિ, રવિવાર, ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૬)

- સાચા હોવું એટલે શું? જાતને છેતર્યા વિના ને કોઈને નડ્યા વિના તમને જે સાચું લાગે તે કરવું. સિમ્પલ વાત છે. પણ આપણે ભટકી જઈએ છીએ લોકોએ આપણા માટે નક્કી કરેલી સાચા હોવાની વ્યાખ્યાઓમાં. અને ક્યારેક ગેરમાર્ગે દોરાઈ જઈએ છીએ જાતને છેતરીને. બાકી કોઈ અઘરી વાત નથી સાચા બનીને જીવવામાં. દુનિયા તમને સાચા હોવાનું સર્ટિફિકેટ આપે કે ન આપે, કોઈ ફરક નથી પડતો.

- સાયન્સ ફિક્શન, કોમેડી અને સટાયર માટે જાણીતા બ્રિટિશ લેખક ડગ્લસ એડમ્સ (૧૯૫૨-૨૦૦૧) કહે છેઃ 'સાચા હોવા કરતાં હું હેપી થવાનું લાખ દરજ્જે પસંદ કરીશ.' ડગ્લસ એડમ્સ દુનિયાની દૃષ્ટિએ સાચા હોવાની વાતમાં માનતા નથી.

- ચાર્લ્સ ડિકન્સની 'અ ટેલ ઓફ ટુ સિટીઝ'થી માંડીને 'ગ્રેટ એક્સપેક્ટેશન્સ' સુધીની અડધી ડઝન કરતાં વધુ નવલકથાઓમાંની ઘણી તમે માણી હશે. 'ડેવિડ કોપરફીલ્ડ' અને 'ધ પિક્વિક પેપર્સ'ના આ યુગસર્જક લેખકની એક વાત જીવનને નવી ઊંચાઈએ લઈ જાય છે, છટપટાહટ અને તરફડાટના માહોલથી જોજનો દૂર લઈ જાય છે. ચાર્લ્સ ડિકન્સે કહ્યુંઃ 'હેપીનેસ એક ગિફ્ટ છે અને એ ભેટ ક્યારે મળશે એની રાહ જોવાને બદલે એ જ્યારે મળે ત્યારે એને માણી લેવાની.'

- સુખની રાહ જોવાની ન હોય. વર્તમાનની કપરી પરિસ્થિતિઓનો અંત આવશે એટલે સુખી થઈ જઈશું એવું માનીને જીવીશું તો જિંદગીના અંત સુધી ક્યારેય સુખનો અહેસાસ નહીં થાય. કપરી પરિસ્થિતિઓ એની જગ્યાએ. એનાં સૉલ્યુશન્સ આવે તો વા નહીં તો વાયરો. તકલીફો વિનાનો સમય ક્યારેય કોઈની જિંદગીમાં આવ્યો નથી, આવવાનો પણ નથી. આ તકલીફોનો સામનો કરતાં કરતાં જ ક્યારેક અચાનક સુખદ ક્ષણોનો પ્રવેશ થઈ જતો હોય છે. આવી ક્ષણોમાં, તકલીફોની હાજરી હોવા છતાં એ તકલીફો ભુલાઈ જાય છે કારણ કે બૅકગ્રાઉન્ડમાં જતી રહે છે અને જીવનમાં માત્ર સુખ જ સુખ છે એવું લાગતું હોય છે. આવી ક્ષણો જ્યારે મળે, જેટલી મળે એને માણી લેવાની. આવી ક્ષણો વીતી ગયા પછી પણ એ ક્ષણોમાંથી તમે મેળવેલી ઊર્જા ફરી આવનારી સુખદ ક્ષણો સુધી તમારો ઉત્સાહ ટકાવી રાખે છે, તકલીફોનો સામનો કરવાનું નવું જીવનબળ પૂરું પાડે છે.

- 'લા મિઝરેબલ' જેવી વિશ્વપ્રસિદ્ધ કૃતિના ફ્રેન્ચ લેખક વિક્ટર હ્યુગો ભરોસો આપે છે કેઃ 'જિંદગીનો સર્વોચ્ચ આનંદ એ વાતની પ્રતીતિમાંથી મળે છે કે લોકો તમને ચાહે છે, તમે જે છો – જેવા છો, તમને ચાહે છે. ખરું કહું તો, તમે જે છો અને જેવા છો તે છતાં તમને ચાહે છે.'

- જિંદગીમાં ટકી રહેવા માટે આ ભરોસો હોવો બહુ જરૂરી છે. સતત પોતાના દોષ જોઈને જાતને કોસ્યા કરવાથી, બીજાઓની આંખમાં પોતાનું પ્રતિબિંબ સુંદર દેખાય છે કે નહીં એવા ભયથી જીવવાની મઝા નથી. ખાતરી રાખવાની કે ચાહનારાઓ તમને ચાહવાના છે, તમારી કાળજી રાખવાના છે, તમારે પડખે ઊભા રહેવાના છે. જે ચાહવા માગે છે એની તમારા દોષ સાથે, તમારી ખામીઓ સાથે કોઈ લેવા દેવા નથી હોતી.

- સ્ટીફન કિંગ અમેરિકાના કન્ટેમપરરી ચાર્લ્સ ડિકન્સનો દરજ્જો ધરાવતા લેખક છે. એમની એક વાર્તા પરથી બનેલી ફિલ્મ 'શૉશેન્ક રિડમ્પશન' તમે ના જોઈ હોય તો જરૂર જોજો. હૉલિવુડની ટૉપ ટેન ફિલ્મોમાં 'ગૉડફાધર' પછી આ ફિલ્મનું સ્થાન છે. અને લખવા-વાંચવાનો શોખ હોય તો 'ઑન રાઈટિંગ' નામની એમની આત્મકથાનુમા બુક જરૂર વાંચજો. ૧૯૪૭માં જન્મેલા આ યુગના મહાન તેમ જ બેસ્ટ સેલર રાઈટર સ્ટીફન કિંગે ૬૦ કરતાં વધુ નવલકથાઓ લખી છે અને લઘુનવલો તથા વાર્તાઓ જુદી. અલમોસ્ટ જીવલેણ પુરવાર થયેલા રોડ એક્સિડેન્ટમાંથી ઉગરી ગયા પછી, લાંબી સારવાર બાદ, આ ઉંમરેય કાકો પ્રોલિફિક લખે છે. અને કહે છેઃ 'હૅપીનેસ શુડ રિમેન અનૂએક્ઝામિન્ડ ફૉર એઝ લૉન્ગ એઝ પોસિબલ.'

- બને ત્યાં સુધી તમારે તમારા સુખ, તમારા આનંદનું પોસ્ટમોર્ટમ કરવાનું ટાળવું. તમને કોણ સુખ આપે છે, તમને શેમાંથી આનંદ મળે છે એવું વિશ્લેષણ તમારી હૅપીનેસમાં રહેલી સાહજિકતા, નૈસર્ગિકતા છિનવી લે એવું બને. તમે શું કામ હેપી છો એવી પિષ્ટપેષણમાં પડ્યા વિના માત્ર એ સમયનો આનંદ માણવો. સુખના સ્ત્રોતની પળોજણમાં પડવાનું નહીં. અન્યથા તમને લાલચ થઈ આવશે કે ચાલો, અહીંથી કે આ રીતે સુખ મળે છે તો લઈ આવીએ. પછી તમે સુખની શોધમાં ભટકતા થઈ જશો. સ્ટીફન કિંગનું આ વાક્ય વાંચીને ત્યાં સુધી કહેવાનું મન થાય છે કે તમે સુખી છો કે નહીં, હૅપી છો કે નહીં એ વિશે વિચારવાની પણ જરૂર નથી. વિચારીશું તો ક્યાંક કમ્પેરિઝન કરવાનું મન થશે. આપણા પોતાના જ ભૂતકાળના સુખ સાથે. અથવા તો પછી બીજાઓના વર્તમાન સુખ સાથે.

- સૌરભ શાહ

GRAND CENTER



Address: 300 Chisholm Pl, Plano, TX 75075
Office : +1 (469) 878-1112

જે રજૂઆત કરવામાં કાબેલ, તેનું હશે રાજ.



- 'બાહુબલી' અને 'RRR' ની સફળતા માટે દર્શકો સમક્ષ વાર્તા મુકવાની કમાલ હતી : 'ધુરંધર'ની સીકવલનો પણ ઇંતેજાર

- વિવિધા-ભવેન કચ્છી

- પરિવારના સભ્યોએ પણ કોઈ ઘટના, પ્રવાસ કે દિવસ દરમિયાન શું કર્યું તેની એકાદ લાઈનમાં વાત કરવા કરતા થોડો વિગતવાર અને રસપ્રદ સંવાદ સાધવો જોઈએ

- 'એપલ'ની સફળતાનું રાઝ પ્રોડક્ટસ નહીં પણ સ્ટીવ જોબ્સની તેને વેચવા માટેની 'સ્ટોરી ટેલિંગ' શૈલીની કમાલ હતી

-આધુનિક યુગમાં એક કહેવત બહુ પ્રચલિત છે : 'જેની લાઠી તેની ભેંસ.' પણ આજના બૌદ્ધિક યુગમાં આ કહેવત બદલાઈને એવી થઈ ગઈ છે કે, 'જેની વાર્તા તેની સત્તા.' સ્ટીવ જોબ્સે કહ્યું હતું કે, 'વિશ્વની સૌથી શક્તિશાળી વ્યક્તિ એ 'સ્ટોરીટેલર' (વાર્તા કહેનાર) છે.' જ્યારે આપણે 'વાર્તા' શબ્દ સાંભળીએ છીએ, ત્યારે આપણા મનમાં ઘણીવાર એવો વિચાર આવે છે કે આ તો કોઈને છેતરવાની કે શબ્દોની માયાજાળમાં ફસાવવાની વાત હશે. પરંતુ, ન્યુરોસાયન્સ અને વ્યવહારુ જીવનનો અનુભવ કંઈક અલગ જ કહે છે. સ્ટોરી ટેલિંગ એ અસત્યનો આશરો લેવો નથી, પણ સત્યને 'અનુભૂતિ' માં ફેરવવાની કુનેહ છે.યાદ રહે અહીં વાર્તા એટલે રજુઆતની શૈલી તેમ સમજવું.

શબ્દોની માયાજાળ નહીં

- સૌ પ્રથમ એ સ્પષ્ટ કરવું જરૂરી છે કે સ્ટોરી ટેલિંગ કોઈને ભ્રમિત કરવાની યુક્તિ નથી.

- **માયાજાળ :** જેમાં તથ્યોને તોડી-મરોડીને રજૂ કરવામાં આવે છે જેથી સામેવાળી વ્યક્તિ ગેરમાર્ગે દોરાય.

- **સ્ટોરી ટેલિંગ (કળા) :** જેમાં સત્ય અને વિગતોને એવી રીતે ગૂંથવામાં આવે છે કે તે સાંભળનારના હૃદય સુધી પહોંચે.

- જેમ એક હીરાને જો હાથમાં એમ જ રાખવામાં આવે તો તે પથ્થર જેવો લાગે છે, પણ જો તેને યોગ્ય રીતે ઘસીને સોનાની વીંટીમાં જડવામાં આવે, તો તેની કિંમત અને સુંદરતા અનેકગણી વધી જાય છે. સ્ટોરી ટેલિંગ એ 'હીરાને જડવાની' કળા છે. તેમાં સત્ય હીરો છે, અને વાર્તા એ સોનાની વીંટી છે.

- ન્યુરોસાયન્સનો પુરાવો

- 'જ્યારે આપણે માત્ર ડેટા કે આંકડા સાંભળીએ છીએ (દા.ત. 'આ દવા ૯૦% અસરકારક છે'), ત્યારે આપણું મગજ તેને એક ગાણિતિક માહિતી તરીકે લે છે. પણ જ્યારે આપણે સાંભળીએ છીએ કે, 'આ દવાથી રમેશભાઈના પિતાજી ફરીથી ચાલતા થયા,' ત્યારે આપણું મગજ તેની સાથે ભાવનાત્મક રીતે જોડાય છે.

- ન્યુરોસાયન્ટિસ્ટ યુરી હેસન (Uri Hasson) ના

સંશોધન મુજબ, જ્યારે કોઈ વ્યક્તિ સાચી અને પ્રામાણિક વાર્તા કહે છે, ત્યારે સાંભળનારના મગજમાં 'ન્યુરલ કપલિંગ' થાય છે. જ્યારે આપણે કોઈને ડેટા ચાર્ટ કે પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન બતાવીએ છીએ, ત્યારે મગજના માત્ર બે ભાગો (Broca's અને Wernicke's area) સક્રિય થાય છે, જે માત્ર ભાષાને સમજે છે. પરંતુ જ્યારે આપણે કોઈ વાર્તા સાંભળીએ છીએ, ત્યારે મગજના એ તમામ ભાગો સક્રિય થાય છે જે આપણે પોતે એ ઘટના અનુભવી રહ્યા હોઈએ ત્યારે થાય.

- **ન્યુરલ કપલિંગ :** જ્યારે તમે વાર્તા કહો છો, ત્યારે સાંભળનારનું મગજ તમારા મગજ સાથે 'સિંક' થઈ જાય છે. જાણે બે મગજ એક જ તરંગ પર વહી રહ્યા હોય.

- **ડોપામાઈન :** વાર્તામાં જ્યારે કોઈ રોમાંચક વળાંક આવે છે, ત્યારે મગજ ડોપામાઈન છોડે છે, જેનાથી આપણને તે વિષય લાંબો સમય યાદ રહે છે.

- **કોર્ટિસોલ અને ઓક્સિટોસિનઃ** સંઘર્ષવાળી વાર્તા કોર્ટિસોલ (ધ્યાન ખેંચવા માટે) અને ઓક્સિટોસિન (સહાનુભૂતિ અને જોડાણ માટે) પેદા કરે છે. આ જ કારણ છે કે આપણે કોઈ ફિલ્મ જોતી વખતે રડી પડીએ છીએ, ભલે આપણને ખબર હોય કે કાલ્પનિક છે.

- પાણીની બોટલ પણ વેચાય

- માત્ર વાર્તા કહેવાથી કોઈ પણ બ્રાન્ડ ચાલતી નથી. જો તમારી પ્રોડક્ટ કે વાત ખરાબ હશે, તો ગમે તેટલી સારી વાર્તા પણ તેને બચાવી શકશે નહીં. સ્ટોરી ટેલિંગ ત્યારે જ કામ કરે છે જ્યારે તેની પાછળ 'પ્રામાણિકતા' હોય.

- ઉદાહરણ તરીકે એક **'પ્યોર વોટર'** બ્રાન્ડ જ્યારે પોતાની જાહેરાતમાં હિમાલયના ઝરણાં બતાવે છે, ત્યારે તે જૂઠું નથી બોલતી. તે ખરેખર એ શુદ્ધતાની વિગતો કહી રહી છે જે તેના પાણીમાં છે. જો પાણી ગંદુ હોય અને વાર્તા શુદ્ધતાની હોય, તો તેને **'માયાજાળ'** કહેવાય. પણ જો પાણી શુદ્ધ હોય અને તમે તેની પાછળના સંઘર્ષની, તેની પવિત્રતાની વિગતો કહો, તો તે **'કુનેહ'** છે. લોકો બ્રાન્ડ સાથે ત્યારે જ જોડાય છે જ્યારે તેમને લાગે કે વાર્તા પાછળનું સત્ય મજબૂત છે. હવે જોઈએ સ્ટોરી ટેલિંગનો પ્રભાવ.કલ્પના કરો કે તમારી પાસે બે પાણીની બોટલ છે.

- પહેલી બોટલ પર લખ્યું છે : 'શુદ્ધ પાણી, ફિલ્ટર કરેલું, ૨૦ રૂપિયા.'

- બીજી બોટલ પર એક સુંદર લેબલ છે જે કહે છે : 'આ પાણી હિમાલયના એ શિખરો પરથી આવે છે જ્યાં માનવ પગલાં હજુ પહોંચ્યા નથી. તે ખડકો વચ્ચેથી કુદરતી રીતે ગળાઈને આવ્યું છે, જે તમને પ્રકૃતિની તાજગીનો અહેસાસ કરાવશે.

- બંનેમાં પાણી તો સરખું જ હોઈ શકે, પણ બીજી બોટલ માટે લોકો ૧૦૦ રૂપિયા આપવા પણ તૈયાર થઈ જશે. કેમ? કારણ કે ત્યાં પાણી નથી વેચાતું, ત્યાં 'હિમાલયની મુસાફરીની વાર્તા' વેચાઈ રહી છે. બ્રાન્ડિંગમાં શક્તિશાળી લોગો કરતાં શક્તિશાળી વાર્તા વધુ અસરકારક હોય છે.

- ગાંધીજીની દાંડી કુચ

- તમે ક્યારેય વિચાર્યું છે કે અમુક નેતાઓ કેમ અજેય બની જાય છે? શું તે માત્ર તેમના કામને કારણે છે? ના. તે તેમની 'નેરેટિવ' અથવા વાર્તાને કારણે છે.

- ગાંધીજીના અરસામાં આધુનિક મીડિયા નહોતું. ૧૯૩૦ના દાયકામાં મહાત્મા ગાંધીએ 'દાંડી કૂચ' કરી. તે માત્ર મીઠું મુઠ્ઠીમાં પકડવાની પ્રક્રિયા નહોતી, તે બ્રિટિશ સામ્રાજ્ય સામે એક નૈતિક વાર્તાનું સર્જન હતું.ગાંધીજી દાંડી કુચની જગ્યાએ ઉપવાસ પર પણ બેસી શક્યા હોત. પણ તેમણે મીઠાના સત્યાગ્રહમાં એક સંગઠન શક્તિ સાથે નાવિન્ય જોડયું. દાંડી કુચ વિશ્વભરમાં અંગ્રેજો સામે ધિક્કારની લાગણી ઉભું કરી શક્યું.આજે પણ તે ઈતિહાસના પ્રકરણ તરીકે યાદ રખાય છે.

- તેવી જ રીતે તેમની આત્મકથા 'મારા સત્યના પ્રયોગો' વિશ્વમાં એટલે જ વિક્રમી આવકાર સાથે પ્રભાવ પાડી શકી કેમ કે તેમાં બોધ અને ઉપદેશ કરતા પ્રસંગોની રજૂઆત છે.

- ૨૦૦૮માં બરાક ઓબામાએ Yes We Can ની વાર્તા કહી 'એક સામાન્ય માણસના સંઘર્ષ અને આશાની વાર્તા. ૨૦૧૪માં નરેન્દ્ર મોદીએ 'અચ્છે દિન' અને 'વિકાસ' ની એક એવી વાર્તા કહી જેણે કરોડો ભારતીયોના મનમાં એક નવું સપનું જગાડ્યું. 'મન કી બાત' પણ તેનું ઉદાહરણ છે.

- ચૂંટણીઓ માત્ર પોલિસી પર નથી લડાતી, તે 'કોની વાર્તા વધુ વિશ્વાસપાત્ર છે' તેના પર જીતાય છે. જે નેતા જનતાને પોતાની વાર્તાનો હિસ્સો બનાવી શકે, તે જ વિજેતા બને છે.

- કટપ્પા અને ધુરંધર 'બાહુબલી' કે 'RRR'' કે 'ધુરંધર' જેવી ફિલ્મો કેમ હજારો કરોડ કમાય છે? શું તે માત્ર VFX ના કારણે છે? ના. તે વાર્તા કહેવાની પદ્ધતિના કારણે પ્રેક્ષકોના

દિલમાં સ્થાન પામ્યા છે.જ્યારે કટપ્પાએ બાહુબલીને કેમ માર્યો? એ એક સવાલે આખા દેશને બે વર્ષ સુધી વાર્તા સાથે જોડી રાખ્યો.

- 'ધુરંધર'ની સીક્વલનો બેતાબીથી ઇંતેજાર થઇ રહ્યો છે.

- ન્યુરોસાયન્સ કહે છે કે જ્યારે કોઈ વાર્તામાં 'સસ્પેન્સ' હોય છે, ત્યારે મગજમાં એડ્રેનાલિન વધે છે, જે માણસને તે વાર્તા પૂરી જોવા માટે મજબૂર કરે છે. જો તમે તમારી બ્રાન્ડ કે તમારા વિચારને એક સસ્પેન્સ કે ઇમોશન સાથે જોડી દો, તો લોકો તમને ક્યારેય ભૂલશે નહીં. તે જ રીતે યાદ કરો કે ફિલ્મોમાં, સત્યજીત રેથી લઈને 'રાજકુમાર હિરાણી' સુધીના દિગ્દર્શકો એટલે સફળ છે કારણ કે તેમની વાર્તાઓ સમાજની 'વાસ્તવિક વિગતો'ને કુનેહપૂર્વક રજૂ કરે છે. 'થ્રી ઇડિયટ્સ' માત્ર એક ફિલ્મ નથી, પણ શિક્ષણ વ્યવસ્થાના કડવા સત્યને રસપ્રદ રીતે કહેવાની એક કળા છે. 'શોલે' પણ જય અને વીરુની દોસ્તી, ગબ્બર અને ઠાકુર અને અન્ય વાર્તાઓની ગુંથણીને લીધે જ ચિરંજીવ બન્યું છે.

- પેન્સિલની વાત

- એકવાર એક માર્કેટિંગ ગુરુએ એક સેલ્સમેનને પૂછ્યું, 'આ જૂની પેન્સિલ મને વેચી બતાવો.'
- સેલ્સમેને કહ્યું, 'સાહેબ, આ પેન્સિલ લાકડાની છે, તેનો ગ્રેફાઇટ ઘણો સારો છે અને લાંબો સમય ચાલશે.' કોઈએ તેને ન ખરીદી.
- બીજા એક સ્માર્ટ વાર્તાકારે તે પેન્સિલ હાથમાં લીધી અને કહ્યું, 'આ એ પેન્સિલ છ. જેનાથી એક પિતાએ પોતાની પુત્રીના લગ્નનું પહેલું નિમંત્રણ કાર્ડ લખ્યું હતું. આ પેન્સિલમાં એ લાગણીઓ છે જે શબ્દોમાં નથી કહી શકાતી. શું તમે તમારા જીવનની ખાસ પળો લખવા માટે આ સાથીદારને તમારી પાસે રાખવા માંગશો?'
- પરિણામ? પેન્સિલની કિંમત ક્ષણવારમાં સો ગણી વધી ગઈ. આ છે સ્ટોરી ટેલિંગનો જાદુ.
- સફળતા માટે જરૂરી

- જો તમે પણ આ શક્તિશાળી સ્કીલ કેળવવા માંગતા હોવ, તો આ ત્રણ બાબતો યાદ રાખવા જેવી છે? પ્રામાણિકતા : વાર્તા કે જીવનનો પ્રસંગ અને રજૂઆત શૈલી ત્યારે જ અસર કરશે જ્યારે તે સત્ય પર આધારિત હશે. ગપગોળા લાંબો સમય ટકતા નથી.
- તમારું સત્ય જણાવો

- સ્ટીવ જોબ્સે જ્યારે સ્ટોરી ટેલિંગને સૌથી શક્તિશાળી કળા ગણાવી, ત્યારે તેમનો કહેવાનો અર્થ એ હતો કે જો તમારી પાસે સત્ય છે, પણ તમે તેને અસરકારક રીતે કહી શકતા નથી, તો એ સત્યની કોઈ કિંમત નથી. સ્ટોરી ટેલિંગ એ શબ્દોની માયાજાળથી કોઈને છેતરવાનું સાધન નથી, પણ સત્યની નજીકની વિગતોને લોકોના હૃદય સુધી પહોંચાડવાનો પુલ છે. આજના ડિજિટલ યુગમાં, જ્યાં માહિતીનો મારો ચાલી રહ્યો છે, ત્યાં માત્ર તે જ લોકો ટકી શકશે જેમનામાં વાર્તા કહેવાની ક્ષમતા હશે. સ્ટીવ જોબ્સ સાચા હતા કારણ કે તેમણે પ્રોડક્ટ નહીં, પણ 'અનુભવ' વેચ્યો હતો.

- યાદ રાખો, લોકો તમે શું કહ્યું તે ભૂલી જશે, તમે શું કર્યું તે પણ કદાચ ભૂલી જશે, પણ તમે તેમને કેવું અનુભવ કરાવ્યું તે ક્યારેય નહીં ભૂલે. અને આ અનુભવ કરાવવાનો એકમાત્ર રસ્તો છે - એક શાનદાર રજુઆત શૈલી!

- તમારી પાસે પણ એક સત્ય છે, તમારી પણ એક વાર્તો છે. બસ, તેને યોગ્ય રીતે કહેવાની કળા શીખી લો, પછી દુનિયા તમારી હશે.

-: જ્ઞાન પોસ્ટ :-

'તે એક સારો માણસ હતો' એમ કહેવાને બદલે,
તે કેવી રીતે બીજાની મદદ કરતો હતો તેની નાની વિગતો આપો. વિગતો જ વાર્તાને જીવંત બનાવે છે.
તમારી વાર્તા સામેવાળી વ્યક્તિના જીવન સાથે ક્યાંક જોડાતી હોવી જોઈએ.

-ભાવેન કચ્છી

WHO WE ARE

BRASS TAP

Located in Sachse, CityLine (Richardson), and Rockwall, TX, The Brass Tap is an upscale craft-beef bar featuring an ever-rotating selection of 150+ global craft beers, complemented by premium wines, spirits, handcrafted cocktalls, and shareable menu items—all served in a relaxed yet refined neighborhood setting.



NEWK'S

Located in Frisco, TX, Newk's delivers fresh-made, high-quality comfort food—oven-baked sandwiches, artisan pizzas, hand-tossed salads, soups, and desserts—in a clean, warm, and stylish setting.







WHAT WE PROVIDE

All of our businesses offer versatile options any event or partnership experience.

- Event Hosting & Group Gatherings
- Craft Beverage Experience
- Donation & Charity Support
- On-Site Engagement Opportunities
- Catering for Groups

WHY IT MATTERS

We believe that food, drink, and hospitality have the pow to bring together—ahat local businesses should play an active role in the communities they serve. Whene're organizing a convensation, you're you a large conventions, neighborhood festival, or a charity fundraiser, Brass Tap and Newk's Eatery are prouad to be your partners in creating experiences that matter.

THE BRASS TAP — CRAFT BEER BAR —

Newk's EATERY

OTHER SERVICES :

- Window installations
- Bathroom remodels
- Fences
- Decorative concrete
- House painting

RESIDENTIAL AND COMMERCIAL ROOFING

FROG ROOFING

500+ Projects Completed

Fully insured

City permit and inspection

Work backed up by Warranty

15+ Years experienced professional team

500+ Satisfied & Repeat Clients

120+ Five Star Ratings on Google





WARRANT 5 YEARS

GAF CERTIFIED

NIKHIL MANDE

214-677-6811

પરાશક્તિ અને ઇશ્વરીય શક્તિનું માધ્યમ સ્વપ્ન છે



- સ્વપ્ન શરીરની એક સામાન્ય પ્રક્રિયા નથી, તે અનેક મહાન શક્તિઓના આપણા આત્માની સાથે જોડાવવાનું એક માધ્યમ છે. અત્યાર સુધી એવી અનેક વ્યક્તિઓનાં ઉદાહરણ જોવા મળ્યાં છે કે જેમને સ્વપ્ન દરમિયાન કંઈક પરાશક્તિ અથવા ઈશ્વરીય શક્તિ દ્વારા કોઈ પ્રેરણા મળી હોય. અનેકવાર સ્વપ્ન એવા પ્રેરક હોય છે કે જેના પ્રકાશથી મનુષ્યોનું જીવન જ પરિવર્તિત થઈ જાય છે. ભગવાન બુદ્ધ જયારે રાજકુમાર હતા ત્યારે એક દિવસ તેમણે સ્વપ્ન જોયું કે શ્વેત વસ્ત્રધારી વૃદ્ધ વ્યક્તિ, જે દિવ્ય પુરુષ સમાન હતા, તેમણે બુદ્ધના હાથ પકડ્યા અને તેમને સ્મશાનની તરફ લઈ ગયા. પોતાની આંગળીનો ઈશારો કરતા પેલી વૃદ્ધ વ્યક્તિએ બુદ્ધને કહ્યું કે, 'જુઓ, આ તમારું જ શબ છે. આ તથ્યને સમજીને જીવનનો સદુપયોગ કરો. આ સ્વપ્નને જોતાં જ બુદ્ધની આંખો ખૂલી ગઈ. તેમણે નિશ્ચિય કરી લીધો કે આપણા જીવનનો સદુપયોગ તેમણે કઈ રીતે કરવાનો છે. તેઓ પોતાનું રાજપાટને છોડીને સત્યની ખોજમાં નીકળી પડ્યા અને છેવટે તે સત્યને પ્રાપ્ત કર્યું.

- ફ્રાંસની રાજક્રાંતિની સફળ સંચાલિકા જોન ઓવ આર્ક એક મામૂલી ખેડૂતના ઘરે જન્મી હતી. એક રાત્રે તેણે સ્વપ્ન જોયું કે આકાશમાંથી એક એક ફરિશ્તા ઊતરીને આવી રહ્યા છે અને બોલી રહ્યા છે કે, તું સ્વયંને ઓળખ, સમયની પુકાર સાંભળ અને સ્વતંત્રતાની મશાલને પ્રજવલિત કર. આ ત્રણેય વાતો સાંભળીને જોને સંકલ્પ લીધો અને આ જ સંકલ્પની સાથે ફ્રાંસને સ્વતંત્ર કરવા માટેની ક્રાંતિના સંગ્રામમાં સંમેલિત થઈ ગઈ.
- પ્રાચીનકાળમાં ઋષિ-મુનિઓનાં મન મસ્તિષ્કિમાં સ્વપ્નના માધ્યમથી જ જ્ઞાન પ્રકટ થતું હતું. વૈદિક જ્ઞાન માટે એવું કહેવાય છે કે તે કોઈના દ્વારા લખેલું નથી હોતું, પરંતુ ઋષિઓના મસ્તકમાંથી પ્રગટ થયેલું છે.
- સિલાઈ મશીનના આવિષ્કાર માટે ઈલિલાસ હાર્વે બહુ જ સમયથી પોતાના પ્રયાસોમાં લાગેલા હતા, પરંતુ તેના માટે ઉપયુક્ત સોયનું યોગ્ય સ્વરૂપ બનતું ન હતું. જે દિવસોમાં તેઓ આ માથાકુટમાં મગ્ન હતા, તે જ દિવસો દરમિયાન તેમણે એક સ્વપ્ન જોયું. કેટલાક ખતરનાક લોકોના એક ટોળાએ તેમને પકડી લીધા છે અને ટોળાના નેતાએ તેમને આદેશ આપ્યો કે ૨૪ કલાકની અંદર સિલાઈ મશીન બનાવો અથવા તમારી હત્યા કરી નાંખવામાં આવશે.

- હાર્વેએ જીવન બચાવવા માટે ભરપૂર પ્રયાસ કર્યો અને તેઓ નિયત સમયમાં તેવું ન કરી શક્યા. એ વખતે તેમને ભાલાથી બાંધવા માટે તે ક્રૂર લોકો આવી ગયા. તે ભાલાઓની અણી વિચિત્ર હતી. અણીની ઉપર બધા જ ભાલાઓમાં કાણું હતું. આ સ્વપ્ન જોતાં જ હાર્વેની ઊંઘ ઊડી ગઈ અને તેમણે આ જ સંકેત પર કામ કરીને સોય બનાવી સિલાઈ મશીનની શોધ કરી.

- પરમાણુ ભૌતિકીના પ્રવર્તક નીલ્સ બોહર જે દિવસોમાં આની શોધમાં વ્યસ્ત હતા, કોઈ નિશ્ચિત પરિણામ મળતું ન હતું. તેઓ હાર માન્યા નહીં. તે જ દિવસોમાં તેમણે એક સ્વપ્ન જોયું કે બધા જ ગ્રહ નક્ષત્ર એક દોરડાથી બંધાયેલા છે. તે ઠંડા થઈને એક જગ્યા ઉપર ચોંટી અને વિસ્ફોટ થયા પણ વિખેરાઈને પોતાની કક્ષામાં ફરવા લાગ્યા. આ સ્વપ્નના માધ્યમથી જ બોહરને અણુ સંરચનામાં તેના નાભિક તથા સદસ્યઘટકોની સંગતિનું જ્ઞાન પ્રાપ્ત થયું. આ સૂત્ર હાથ લાગતાં જ તેમણે પોતાની શોધમાં વિશેષ ઉપાધિ પ્રાપ્ત કરી અને છેવટે પરમાણુ ભૌતિકીનો એક વ્યવસ્થિત પાયો તૈયાર થયો.

- પ્રસિદ્ધ વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈન્સ્ટાઈને એક વૈજ્ઞાનિક ગોષ્ઠીના કોઈક જટિલ સમીકરણનો હલ પ્રસ્તુત કરવાનો હતો, પરંતુ કોઈક નિશ્ચિત પરિણામ પ્રાપ્ત થતું ન હતું. આ દરમિયાન એક દિવસ તેઓ સૂઈ રહ્યા હતા ત્યારે એક અજ્ઞાત શક્તિએ તેમની સમક્ષ કઠિન સંદર્ભોને સરળ બનાવીને સમાધાન આપી દીધું. સ્વપ્ન તૂટવાથી આઈન્સ્ટાઈન જાગ્યા અને સ્વપ્નમાં દેખાયેલ દૃશ્ય અનુસાર સમીકરણને હલ કર્યું તો તેનો સાચો જવાબ મળી ગયો.

- ઉક્ત અનેક ઉદાહરણોથી એ સિદ્ધ થાય છે કે આપણને સ્વપ્નમાં પરાશક્તિ અથવા દૈવીય શક્તિથી કંઈક દિવ્ય સંદેશ પ્રાપ્ત થાય છે. જેના માધ્યમથી આપણે કંઈક નિશ્ચિત પરિણામ સુધી પહોંચી શકીએ છીએ.

- સાલિલ પટેલ



Scan to visit our website

Pushpinder Singh, Owner

NiZeL Constructions

- STORM RESTORATION
- ROOFING
- RENOVATION
- NEW CONSTRUCTION

469-288-6983

2150 S Central Expy #200
McKinney, TX 75070
nizelconstructions@gmail.com

facebook link t:
www.nizebook.com/nizelconstructions/

Google Reviews ★★★★★

BBB ACCREDITED BUSINESS

NIZEL
ROOFING & CONSTRUCTION

Exclusive offer for DFW Gujarati Samaj Community Members

- Free Upgrades on Roof Installation
- Free Upgraded Gutters

T&C Applies

NIZEL Constructions LLC

(469)288-6983
nizelconstructions@gmail.com
nizelconstructions@gmail.com

facebook link t:
www.nizebook.com/nizelconstructions/

2150 S Central Expy #200
McKinney, TX 75070

BBB ACCREDITED BUSINESS
BBB Rating: A+

Google Reviews ★★★★★

www.nizelroofingsolutions.com

કાઇમ સિક્રેટ : એક ચીસે રિયાલિટી શોને કાઇમ સીનમાં ફેરવી નાખ્યો



ભાર્ગવી કેસ - ૧

- આ ઘટના છે તમિલનાડુની. ૨૦૧૨માં ઝી-ટીવીની રીજિયોનલ તમિલ ચેનલમાં 'સોલ્વથેલ્લમ ઉન્નઈ નામે રિયાલિટી શો આવે. શોનું એન્કરિંગ તમિલનાડુના ફેમસ લેડી એક્ટર નિર્મલા પેરીયાર સ્વામી કરતાં હતાં.

- આ શોની થીમ લવર્સ બેઝ્ડ હતી. ઘરવાળાની મરજી વિરુદ્ધ ભાગીને લવ-મેરેજ કરનારાં કપલ્સને આ શોમાં બોલાવવામાં આવતાં. તેમને તેમની પ્રેમકહાનીની રજેરજની વિગતો પૂછવામાં આવતી. આવાં કપલ્સનાં માતા-પિતાને પણ તેમાં ઈન્વાઇટ કરવામાં આવતાં અને બંને વચ્ચે જે નફરત હોય તે છોડી દેવાની સમજાવટ કરવામાં આવતી.

- એ જ ગાળામાં તમિલનાડુના વિલ્લુપુરમ નામના ગામમાં એક ઘટના બની. અહીં મુરુગન અને રાજેશ્વરી નામનું એક દંપતી રહેતું હતું. મુરુગનનું સોફા બનાવવાનું કામ હતું. આ દંપતીની એક જ દીકરી ભાર્ગવી. ૧૭ વર્ષની ઉંમર અને બારમાં ધોરણમાં ભણતી ભાર્ગવીને થોડે જ દૂર રહેતા સતીશકુમાર નામના એક ૨૨ વર્ષના યુવાન સાથે પ્રેમ થઈ ગયો. છ મહિના બાદ સતીશે ભાર્ગવીને પરિવારની સંમતિથી લગ્ન કરી લેવાની વાત કરી. ભાર્ગવી તેનાં મા-બાપને ઓળખતી હતી. તેણે કહ્યું, 'સતીશ, મારા પિતા સખત ઓર્થોડોક્સ છે. તમારી જ્ઞાતિમાં એ મારાં લગ્ન નહીં જ થવા દે. આપણે ભાગીને જ લગ્ન કરી લઈએ.'

- સતીશ માની ગયો અને બે દિવસ બાદ ભાર્ગવીએ ભાગીને સતીશ સાથે લગ્ન કરી લીધાં. મુરુગન અને રાજેશ્વરીના ગુસ્સાનો પાર ન રહ્યો. દીકરી હાથમાં આવે તો તેને મારી નાખવાનો મુરુગને ઈરાદો કરી લીધો. ઝી-તમિલના રિયાલિટી શો 'સોલ્વથેલ્લમ ઉન્નઈ'ની રિસર્ચ ટીમને ભાર્ગવીની કહાનીની ખબર પડી. તેમણે ભાર્ગવી અને સતીશનો સંપર્ક કર્યો અને શોમાં આવવા માટે આમંત્રણ આપ્યું. સમજાવટને અંતે ભાર્ગવી અને સતીશ માની ગયાં. પછી રિસર્ચ ટીમે ભાર્ગવીનાં માતા-પિતા મુરુગન અને રાજેશ્વરીનો સંપર્ક કર્યો.

- બધું જ ગોઠવાઈ ગયું અને ૨૦ મે, ૨૦૧૨ની સાંજે વિલ્લુપુરમના એક વિશાળ સ્ટુડિયોમાં શોનું રેકોર્ડિંગ શરૂ થયું. ભાર્ગવી, તેનો પતિ સતીશ અને તેનાં માતા-પિતા પ્રખ્યાત એક્ટર નિર્મલા સ્વામી સામે સ્ટેજ પર હતાં. નિર્મલા સ્વામીએ પ્રશ્નોત્તરી શરૂ કરી. પ્રેમ કેવી રીતે થયો? માતા-પિતાનો વિરોધ શા માટે હતો? આવા જાતભાતના પ્રશ્નો પૂછાઈ રહ્યા હતા. ભાર્ગવી દિલ ખોલીને જવાબ આપી રહી

હતી. સાથે સાથે મા-બાપને પણ પ્રશ્નો પૂછાઈ રહ્યા હતા કે તેમને શું ફરિયાદ હતી વગેરે! ભાર્ગવીની માતાએ કહ્યું, 'અમારી એક જ ફરિયાદ છે કે હજુ તો એ સત્તર વર્ષની છે અને લવ-મેરેજ કરી લીધા.'

- પિતા મુરુગને પણ અનેક ફરિયાદો કરી. એક્કર નિર્મલાએ માતા-પિતાને કહ્યું, 'અમે આપને વિનંતી કરીએ છીએ કે તમારી દીકરીને અપનાવી લો. ભૂલને માફ કરી દો.'

- મુરુગને કહ્યું, 'અમે ભાર્ગવીને અપનાવવા તૈયાર છીએ, પણ તેણે અમારી સાથે આવવું પડશે, કારણ કે એ હજુ ૧૭ વર્ષની છે. એ ૧૮ની થશે પછી અમે સતીશ સાથે ધામધૂમથી તેના લગ્ન કરી આપીશું. એ અમારું વચન છે.'

- એન્કરે ભાર્ગવીને પણ કહ્યું કે 'આ શો પછી તું મા-બાપ સાથે ચાલી જા.' પણ ભાર્ગવી ન માની. તેણે કહ્યું, 'ના, હું જઈશ તો મારા પિતા મને મારી નાખશે.'

- એન્કરે તેને સમજાવી કે 'એમ કોઈ ન મારે. તું ડર્યા વિના જા.' એન્કરે તેને આગ્રહ કરી રહ્યા હતા. ભાર્ગવીએ ફરી કહ્યું, 'ના, હું મા-બાપના ઘરે નહીં જાઉં. તમને ખબર નથી, મારા પિતા મને મારી નાખશે. મારી મા મને હંમેશા કહેતી કે જો તું લવ-મેરેજ કરીશ તો તારા પિતા મને મારી નાખશે.'

- એન્કર નિર્મલાએ ભાર્ગવીની માતાને પૂછ્યું. તેમણે કહ્યું, 'અરે બહેન! આપણે નાનાં બાળકોને ડર બતાવવા કહીએ છીએ ને કે જો તું હવે તોફાન કરીશ તો મારી નાખીશ. હું પણ એમ જ કહેતી હતી. કોઈ સાચે થોડું મારે!'

- જો ભાર્ગવી માતા-પિતા સાથે જાય તો રિયાલિટી શોનો હેતુ સફળ થાય તેમ હતો. આથી એક્કરે ભાર્ગવીને ફોર્સ કર્યો. આથી અચાનક ભાર્ગવીએ ચીસ પાડીને કહ્યું, 'નો.... નો.... નો.... તમને ખબર નથી કે જો હું ઘરે ગઈ તો મારા પિતા મને પેલા ત્રણ લોકોની જેમ જ મારી નાખશે જેમને તેમણે ત્રણ વર્ષ પહેલાં માર્યા હતાં. અને હા.... મારી મા મને ફક્ત એમ નહોતી કહેતી કે તારા પિતા મારી નાખશે. એના પરફેક્ટ શબ્દો એમ હતા કે, જો તેં લવ-મેરેજ કર્યા કે કોઈ સાથે પ્રેમમાં પડી તો તને પેલા ત્રણ લોકોની જેમ જ મારીને ફેંકી દેશે.'

- ભાર્ગવીના શબ્દોથી શોમાં સોપો પડી ગયો. એન્કર નિર્મલા સ્વામી હચમચી ગયાં. શો ચાલુ હતો, રેકોર્ડિંગ ચાલુ હતું એટલે બીજું કંઈ થયું નહીં. મુરુગન તરત જ બોલ્યા, 'દીકરી પાગલ થઈ ગઈ છે. ગમે તેવી વાતો કરે છે. ચાલો, હું અત્યારે જ સતીશને મારા જમાઈ તરીકે સ્વીકારવા તૈયાર છું, બસ.'

- આમ તેમણે સતીશ સાથે હાથ મિલાવ્યા અને દીકરી ભાર્ગવીના માથે હાથ ફેરવ્યો. શો ત્યાં જ પૂરો કરી દેવામાં આવ્યો અને આનન-ફાનનમાં મુરુગન અને રાજેશ્વરી દેવી સ્ટુડિયો છોડીને ઝડપથી ચાલ્યાં ગયાં. એક્કર નિર્મલાના મનમાં વિસ્ફોટ થયો હતો. તેમનો અનુભવ કહેતો હતો કે કંઈક કાચું કપાઈ ગયું છે. અને ખરેખર કાચું જ કપાયું હતું. ભાર્ગવી સાચું બોલી રહી હતી. તેનો બાપ હત્યારો હતો. તેણે એક નહીં પણ ત્રણ-ત્રણ કતલ કર્યાં હતાં અને અત્યારે એ આ રિયાલિટી શો જ નહીં, શહેર છોડીને પણ ભાગી ગયો હતો.

- મુરુગને કોનાં કતલ કર્યાં હતાં? એ પકડાશે તો કતલ સાબિત કેવી રીતે થશે? એ કહાની આવતા બુધવારે. (ક્રમશઃ)

DALLAS
FINE WINE & SPIRITS SHOP

"We sell Spirits/ Liquor as well"

**Boutique shop
chock-full of domestic &
imported wines,
with free tastings
Fridays & Saturdays.**

**Address: 3518 Oak Lawn Ave, Dallas,
Taxas 75219, Phone: +1 214-599-0089**



ડોક્ટરની ડાયરી : હઠી જાય ઘૂંઘટ, ઢળી જાય ઘૂંઘટ, જુદી પ્રીત જાગે મલાજે-મલાજે



- ડો.મનન શાહ ક્લિનિકમાં દર્દીઓને તપાસી રહ્યા હતા ત્યારે અચાનક બહારના વેઇટિંગ રૂમમાં ચાલતી રકઝકનો અવાજ એમના કાનમાં પડ્યો. એમાંથી એક અવાજ તો એમના કમ્પાઉન્ડર શ્યામનો હતો.

- શ્યામ કોઈને કહી રહ્યો હતો, 'લાઈન તોડીને તમે અંદર નહીં જઈ શકો. અહીં ત્રીસેક દર્દીઓ રાહ જોઈને બેઠેલા છે એમને નથી દેખાતા?'

- 'એ મને દેખાય છે પણ મારા ઘરાં ઈમરજન્સી ઊભી થઈ છે એટલે હું ડોક્ટર સાહેબને ઘરે લઈ જવા આવ્યો છું. મારી પરિસ્થિતિ તને નથી દેખાતી?' અજાણ્યો અવાજ પૂછતો હતો.

- ડો. મનનભાઈએ ઘંટડી વગાડી, શ્યામ અંદર દોડી આવ્યો. ડોક્ટરે પૂછ્યું, 'કોણ છે? ચાલુ દવાખાને આવી બોલાચાલી થાય તે સારું ન કહેવાય. જે હોય તેને મારી પાસે મોકલી દે.'

- ત્રીસેક વર્ષનો પુરુષ અંદર આવ્યો. અતિ સામાન્ય દેખાવનો એ પુરુષ એણે પહેરેલા કપડાં અને સોનાનીવીંટી, લકી, ચેઈન, ઘડિયાળ વગેરે પરથી પૈસે-ટકે શ્રીમંત લાગી રહ્યો હતો, 'સાહેબ, વિઝિટ બેગ લઈને જલદી મારા ઘરે આવો. મારી વાઈફ અચાનક બેભાન થઈ ગઈ છે. એને અહીં લાવી શકાય તેવું નથી. તમારી જે ફી થતી હશે તે હું આપી દઈશ. ના ન પાડશો.' પુરુષની આંખોમાં અજીજી હતી અને અવાજમાં ગભરાટ હતો.

- 'શ્યામ, તુ જૂના દર્દીઓને જે દવા ચાલતી હોય છે તે આપીને રવાના કરી દે, નવા પેશન્ટ્સને બેસાડી રાખજે. મને વિઝિટ પતાવીને આવતી અડધો કલાક લાગશે.' ડો. મનનભાઈ ઊભા થયાં. પેલો પુરુષ ફોર વ્હીલર લઈને આવ્યો હતો, ડોક્ટરને લઈને રવાના થયો.

- રસ્તામાં બંને વચ્ચે જે વાતચીત થઈને તેના પરથી ડો. મનનને જે જાણવા મળ્યું તે આ હતું, તે પુરુષનું નામ તપન. એની પત્નીનું નામ તારુણી. બંનેનાં લગ્નને એકાદ વર્ષ માંડ થયું હશે. ઘરમાં તપનનાં માતા-પિતા ઉપરાંત એક યુવાન, અપરિણીત નાની બહેન જશુ પણ રહેતી હતી. તારુણીને આ પહેલાં ક્યારેય આવું થયું ન હતું. અલબત્ત, તે મુંબઈમાં જન્મી અને ઉછરી હતી એટલે આ ઠીક-ઠીક કહેવાય એવી વસ્તીવાળું ટાઉન એને સાવ નાનું ગામડું લાગતું હતું. એ ખુશ રહેતી ન હતી. તપન એને જીવથીયે વધારે ચાહતો હતો, આ વાત એની અત્યારની હાલત પરથી સમજી શકાતી હતી.

- ઘર આવી ગયું. એ મકાન ન હતું, બંગલો હતો. ગાડીમાંથી ઊતરીને ડો. મનન બંગલામાં દાખલ થયા. હાંફળો-ફાંફળો તપન એમની પાછળ જ હતો. ડ્રોઈંગરૂમમાં એક બ્યૂટીફૂલ યુવતી ફર્શ પર પડેલી હતી. એનાં અસ્ત-વ્યસ્ત વસ્ત્રો, છુટ્ટા વિખરાયેલા લાંબા રેશમી વાળ અને એ શ્યામલ કેશઘટાની મધ્યમાં રહેલું ચંદ્રમા જેવું મુખ. ડોક્ટરને એક જ નજરમાં સમજાઈ ગયું કે તપન શા માટે એની પત્નીને આટલો બધો પ્રેમ કરે છે!

- ડો. મનન ફેમિલી ફિઝિશિયન હતા, એમ.બી.બી.એસ. થયેલા હતા. નાના શહેરમાં જનરલ પ્રેક્ટિશનરોએ પણ ફિઝિશિયન જેટલા હોશિયાર બનવું પડે છે. જો તેઓ નિદાન કરવામાં ભૂલ કરે તો દર્દીના રામ રમી જાય, કારણ કે તેમની ભૂલ સુધારવા માટે ત્યાં કોઈ ફિઝિશિયન હોતા નથી.

- ડો. મનન હોશિયાર પણ હતા અને અનુભવી પણ હતા. તેમણે સૌથી પહેલાં તારુણીની પલ્સ ગણી લીધી. પછી બ્લડ પ્રેસર માપ્યું. બંને નોર્મલ હતાં. શ્વાસની ગતિ તદ્દન નોર્મલ હતી. એમના મનમાં થોડીક 'હાશ' થઈ. એ પછી એમણે સ્ટેથોસ્કોપ વડે છાતી અને પેટ તપાસ્યાં. ત્યાં પણ કંઈ એબનોર્મલ ન જણાયું.

- ડો. મનનના મનમાં થોડું થોડં અજવાળું થવા માંડ્યું હતું. એમણે આંખની કીકી જોવા માટે તારુણીનાં પોપચાં

ઊઘાડવાની કોશિશ કરી. તારુણીએ બેભાનવસ્થામાં હોવા છતાં પોપચાં મક્કમતાથી બીડી રાખ્યાં. ડોક્ટર હસી પડ્યા. એમણે તારુણીનો જમણો હાથ પકડીને કોણી પાસેથી વાળવાની કોશિશ કરી, ત્યાં પણ તારુણીના અવરોધનો સામનો કરવો પડ્યો.

- નિદાન સામે આવી ગયું. તારુણી બેભાન થવાનો ડોળ કરતી હતી. વાસ્તવમાં એ પૂરેપૂરી ભાનમાં હતી. મેડિકલ ભાષામાં આ સ્થિતિને હિસ્ટિરિયા કહેવાય છે. એમાં કોઈ શારીરિક બીમારી હોતી નથી પણ માનસિક ગરબડ હોય છે. દર્દી પોતાની આસપાસની સ્થિતિ પ્રત્યે નારાજગી, અણગમો કે એમાંથી પલાયન શોધવા માટે પોતે ગંભીર હોવાનો ઢોંગ કરે છે, પોતાની વાત મનાવવા માટે આવું એક પ્રકારનું ત્રાગું જ કરે છે.

- ડો. મનનભાઈએ ધીમા અવાજમાં તારુણીને કહ્યું, 'બહેન, તારી ચાલબાજી પકડાઈ ગઈ છે. તું હવે બેઠી થઈ જા. હું ડોક્ટર છું, મને ખબર પડી ગઈ છે કે તું બીમાર નથી. જો તું આ ઢોંગ ચાલુ રાખીશ તો મારે તારા પતિને અને સાસુ-સસરાને સાચી વાતની જાણ કરી દેવી પડશે.'

- કાચી સેકન્ડમાં તારુણી બેઠી થઈ ગઈ, વસ્ત્રો સરખાં કરીને ડોક્ટરને વિનંતી કરવા લાગી, 'એવું ન કરશો, સાહેબ, મારા ઘરના સભ્યોને આ વાત ન જણાવશો.'

- ડોક્ટરે સ્મિત કર્યું, 'નહીં જણાવું, પણ તારે મને એ વાત જણાવવી પડશે કે આવું કરવા પાછળનો તારો ઈરાદો શો હતો?'

- તારુણીએ ભેદ છતો કર્યો, 'હું સાચું કહું તો મને અહીં ગમતું નથી. હું મુંબઈમાં મોટી થઈ છું. મારા પપ્પાએ શ્રીમંત વર અને ઘર જોઈને મને આ ગામડાં જેવા શહેરમાં પરણાવી દીધી છે. હું પિયરમાં જવાનાં બહાનાં શોધી રહી છું. આ લોકો મને જવા દેતા નથી. મુંબઈ ખાસ્સું દૂર હોવાથી હું પિયરમાં ગયા પછી પંદર દિવસ પહેલાં તો પાછી નહીં જ આવું એવું કહે છે. એમની ધારણા ખોટી પણ નથી. સૌથી મોટો અવરોધ મારા પતિ છે. એ મારા વગર ચોવીસ કલાક પણ કાઢી શકતા નથી. ના છૂટકે મારે આ ઉપાય અજમાવવો પડ્યો છે. તમે પ્લીઝ, મારી પોલ ખુલ્લી ન પડી જાય એ રીતે એમને સમજાવો ને!'

- ડો. મનનભાઈએ તપનને બોલાવ્યો, 'મેં એક ઈન્જેક્શન આપ્યું છે, હાલ પૂરતું સારુ થઈ જશે, પણ આ બીમારી એવી છે કે એમાં એકલી દવાથી ફરક નહીં પડે. તારી વાઈફને હવાફેરની જરૂર છે. એને પંદર-વીસ દિવસ માટે મુંબઈ મોકલી દે

- તપન વિચારમાં પડી ગયો. થોડી વાર ચૂપ રહ્યા પછી એ બોલ્યો, 'ડોક્ટર સાહેબ, મુંબઈને બદલે તારુણીને લઈને હું સાસણ-ગીર અથવા માઉન્ટ આબુ ફરી આવું? એ પણ હવાફેર જ ગણાય ને?'

- ડોક્ટરે તારુણીની સામે જોયું, તારુણીએ હળવેકથી માથું હલાવીને 'ના'નો સંકેત કર્યો. ડોક્ટરે કહ્યું, 'તપન, સાસણ-ગીર કે આબુમાં હવાફેર તો થશે, પણ ત્યાં રિસોર્ટ કે હોટલનું ખાવીપીવાના કારણે બીજી તકલીફો ઊભી થશે, એના કરતા એને મુંબઈ જવા દે ને!' 'ભલે, તો હું એને લઈને મુંબઈ જઈ આવું.' તપને કહ્યું. ત્યાં તો 'તપાક' દઈને તારુણી બોલી ઊઠી, 'ત્યાં તમારું શું કામ છે? તમે ત્યાં હશો તો મારાં પિયરીયાય જમાઈની સરભરામાંથી ઊંચા જ નહીં આવે. પછી મને કોણ સાચવશે?'

- તારુણીની અનિચ્છા અને ડોક્ટરની સમજાવટ આગળ તપન ઝૂકી ગયો. બે દિવસ પછી એણે તારુણીને ટ્રેનમાં બેસાડી દીધી.

- લગભગ એકાદ મહિનો વીતી ગયા પછી અચાનક એક દિવસે ડો. મનનભાઈને તારુણીવાળી ઘટના યાદ આવી. તેમણે કમ્પાઉન્ડરને પૂછ્યું, 'પેલા તપનના કેસમાં પછી શું થયું? તને કંઈ જાણવા મળ્યું?'

- 'સાહેબ, મને જે જાણવા મળ્યું તે તમને જણાવવા જેવું નથી.' શ્યામ હસ્યો, પછી ગંભીરતા ધારણ કરીને તેણે માહિતી આપી, 'સાહેબ, તારુણી મુંબઈમાં કોઈની સાથે પ્રેમના ચક્કરમાં હતી. એ લુખ્ખેશ હતો. તારુણીના બાપે શ્રીમંત મુરતિયો જોઈને દીકરીને મુંબઈથી આટલે દૂર વળાવી દીધી. તમે તો બેયને જોયા ને? ક્યાં હિરોઈનને ઝાંખી પાડી દે તેવી તારુણી અને ક્યાં તપન! એણે તપનથી છૂટવા માટે જ આ નાટક રચ્યું હતું. તપનના મનમાં થોડી ઘણી શંકા તો હતી જ, એટલે જ એ તારુણીને મુંબઈ જવા દેવા માટે રાજી ન હતો. તમારી સલાહને એ ટાળી ન શક્યો અને પત્નીને ખોઈ બેઠો. તારુણી એના પ્રેમીની સાથે નાસી ગઈ.'

- તપન આજે પણ બધાને કહેતો ફરે છેઃ 'ડો. નમન શાહનું નિદાન સાવ સાચું પણ એમની 'સારવાર' સાવ ખોટી.'

- શીર્ષકપંક્તિ : મનુભાઈ ત્રિવેદી 'ગાફિલ'

- શરદ ઠક્કર



SAWAII

INDIAN RESTAURANT

850 W Eldrorado Pkwy #300
Litthe Elm, TX 75068
SAWAIIUSA.COM





DINE-IN
TAKEOUT
DELIVERY
CATERING





Pista House

Authentic Hyderabadi Cuisine

www.SawaiiUSA.com

www.PistaHouseIrving.com







501 W.ROYAL LN, #160,
LITTLE ELM, TX 75068

વિચ્છેદ ડુબાડે છે, સંગાથ જીવનને તરતું રાખે છે!



- લાલભાઈ હવે મોટા માણસ થઈ ગયા હતા. આમ તો દિનેશભાઈ અને લાલભાઈ બચપણમાં પાડોશી હતા. એટલે એ રીતે મિત્રો પણ ખરા અને દિનેશભાઈ હજુ એમને ક્યારેક ક્યારેક મળતા. પણ હવે લાલભાઈની વાત થાય એમ નહોતી. લાલભાઈ અને દિનેશભાઈના દીકરાઓ પણ ચાલીસ વટાવી ગયા હતા.

- દિનેશભાઈ તો અભ્યાસ પૂરો કરીને તરત જ પિતાની કરિયાણાની દુકાને બેઠા હતા અને હવે એમના બંને દીકરાઓ પણ દિનેશભાઈની સાથે પેઢીએ જ બેઠા હતા, પણ લાલભાઈની વાત જુદી હતી. લાલભાઈ પહેલેથી જ તરવરિયા માણસ. જંપ વાળીને બેસે એવા નહીં. વીમા કંપનીમાં નોકરી ઉપરાંત જમીન-મકાનની દલાલી. સ્ટેશનરીની સપ્લાય કરવાનું કામ પણ રેગ્યુલર. આમ તો એમણે કમાવા માટે અમુક જ કામ કરવું એવું કોઈ બંધન સ્વીકારેલું નહીં. સબ બંદર કા વેપારી જેવું વિશાળ કામ હતું. પૈસા મળવા જોઈએ. બહુ ટૂંકા સમયમાં લાલભાઈએ ગાડી અને બંગલો ખરીદી લીધાં હતાં અને પૈસા ખર્ચીને એમના બંને દીકરાઓને અમેરિકામાં સેટલ્ડ કરી દીધા હતા. જમાના કરતાં આગળ રહેવામાં એ માનતા હતા.

- લાલભાઈના બંને પુત્રો એમનાં માતા-પિતાને અમેરિકા રહેવા બોલાવતા હતા. લાલભાઈ અને એમના પત્નીએ શેષ જીવન પુત્રો સાથે અમેરિકામાં ગાળવાનું નક્કી કર્યું હતું. મિત્રોએ વિદાય સમારંભ પણ ગોઠવી દીધેલો, ફરી મળવાનું ક્યારે થાય એ ક્યાં નક્કી હતું ? લાલભાઈ અને એમનાં પત્ની કેલિફોર્નિયા અમેરિકા પહોંચી ગયાં. બારેક મહિના પછી અચાનક ખબર આવ્યા કે લાલભાઈનાં પત્નીનું માર્ગ અકસ્માતમાં મૃત્યુ થયું હતું. લાલભાઈ વિધુર થઈ ગયા હતા. અંતિમ ક્રિયા માટે ચારેક મહિનાનું વઈટિંગ હતું. જોકે, એવું બધું તો ત્યાં સામાન્ય ગણાય છે. લાલભાઈનો સુવર્ણયુગ જે અહીં હતો એ અમેરિકામાં જાણે કે આથમવા લાગ્યો હતો. જમાનો જ નહીં એમની અવસ્થા પણ બદલાઈ ગઈ હતી. લાલભાઈના નાના પુત્રને એની પત્ની સાથે મનમેળ થતો નહોતો. બંનેને છૂટા પડવાના દિવસો આવ્યા હતા.

- લાલભાઈ મોટા પુત્ર સાથે રહેતા હતા. દિવસો વીતતા હતા, પણ પત્નીના અવસાન પછી મુસીબતો વધતી જતી હતી. બહુ થોડા જ સમયમાં મોટા પુત્ર અને પુત્રવધૂએ લાલભાઈને સારી સગવડો મળી રહે એ માટે વૃદ્ધોની હોસ્ટેલમા રહેવા જવાનું સૂચન કર્યું હતું. આઘાત સાથે લાલભાઈ હોસ્ટેલમાં રહેવા ગયા. હોસ્ટેલમાં સગવડો પૂરતી પણ લાલભાઈ એકાંત જીરવી શક્યા નહીં. છેવટે તેમણે ભારત પરત આવવાનું નક્કી કરી લીધું.

- લાલભાઈ વતનમાં પાછા આવી ગયા. સોસાયટીના બંગલામાં જ એમણે રહેવાનું શરૂ કર્યું. વર્ષો સુધી એ જ બંગલામાં તેઓ રહ્યા હતા. રંગેચંગે અને જોશ-ખુમારીથી રહ્યા હતા, પણ હવે જીવનસાથી, પત્નીનું મૃત્યુ થઈ ગયું હતું. બંગલાની રોનક તો બિલકુલ જાણે ચાલી જ ગઈ હતી. બંગલો પૂરો સાફસૂફ પણ થતો નહોતો. પોતે અમેરિકાથી વતનમાં આવી ગયા હતા, પણ એમના બેમાંથી એકેય દીકરા ભારત આવીને વસી શકે એવી રજભાર આશા રાખવી પણ નકામી હતી. લાલભાઈને જાણે કે જલદી ઘડપણ આવી ગયું હતું અને સ્વભાવમાં કડવાશ આવી ગઈ હતી. જે મિત્રો-સંબંધીઓથી આગળ નીકળી જવાની ઘેલછા તેમણે સેવી હતી એ જ મિત્રો, સગાંવહાલાંઓ સાથે એમણે જીવવાનું હતું. જિંદગી જાણે એમણે પોતે જ દોડી દોડીને બરબાદ કરી નાખી હતી. શું મેળવવું હતું અને શું મળ્યું હતું? જે સોનું માનેલું એ કથીર નીકળ્યું હતું.

- એમની જ ઉંમરના દિનેશભાઈ અને બીજા મિત્રો એમને મળવા ક્યારેક ક્યારેક આવી પહોંચતા, પણ મોટાભાગના બધા જ મિત્રો પોતપોતાના કામ ધંધા પર નિયમિત જતા. દિનેશભાઈ પણ નિયમિત રીતે દીકરાના દીકરાઓ સાથે દુકાને બેસે છે. બાપ-દાદાના મકાનમાં રહે છે. મકાનમાં અને દુકાનમાં જરૂરી એવા સુધારાવધારા કરાવ્યા છે, પણ પોતાના માણસો વચ્ચે રહે છે. નાના-મોટા વાંધાઓ પડે છે, પણ છેવટે સંસાર ગોઠવાઈ જાય છે.

- અને દિનેશભાઈ તો કહે જ છે કે, 'પત્ની અને સંતાનો તથા સંતાનોનાં સંતાનો સાથે રહુ છું અને ખૂબ ખુશ છું. પુત્રથી વધુ એવી પુત્રવધૂ અમને ખૂબ સાચવી લે છે.'

- લાલભાઈનું મન પણ હવે મિત્રો સંબંધીઓ પાસે ખૂલવા માંડ્યું હતું. તેઓ કહેતા કે, 'બાળપણ, યુવાની, પ્રૌઢાવસ્થાની, દરેક અવસ્થાની મૂંઝવણ અને પીડા હોય છે, પણ એ બધાં કરતાં વૃદ્ધાવસ્થાની પીડા અને મૂંઝવણ ઘણા વધારે હોય છે. એ ઉંમરે જ માણસને બીજા માણસના સંગાથની જરૂર હોય છે. એ ઉંમરે જ જિંદગીમાં થયેલા ઊંડા અને મોટા ઘાની સારવારની જરૂર હોય છે, પણ આધુનિક શિક્ષણ અને એ પછીની દોડ જ એવી છે કે માણસથી માણસ વધુ ને વધુ વિખૂટી પડતો જાય.' મિત્રો ભેગા થાય ત્યારે લાલભાઈ કહે છે કે, 'ઈસ્ટ ઈન્ડિયા કંપની તો આપણું ધન જ લઈ જતી, અત્યારની કંપનીઓ તો આપણાં સંતાનોને પણ આપણી પાસેથી છીનવીને લઈ જાય છે. એટલું જ નહીં આપણી પાસે જ અપટુડેટ કરાવીને લઈ જાય છે.'

- 'મા-બાપ પેટે પાટા બાંધીને સંતાનોને ભણાવે ગણાવે અને જે રીતે પક્ષીઓનાં બચ્ચાંઓને પાંખ આવે એટલે માળામાંથી ઊડી જાય છે એ જ રીતે આજનાં બાળકો ઊડી જાય છે.' થોડીકવાર અટકીને મનની વેદના ઠાલવે છે, 'હું તો છતે દીકરે દીકરાઓ વગરનો થઈ ગયો. દીકરો થાય એ માટે લોકો કેવી કેવી માનતાઓ રાખે છે? વાંઝિયા હોવું એ તો પહેલાં કેવું મોટું મહેણું ગણાતું?' એમની વાતમાં વિખૂટા પડવાની વ્યથા હતી. વિખૂટા પડવાની પ્રક્રિયા એટલે કે વિચ્છેદ એ માણસ માટે દુઃખદાયક જ હોય છે. માતા-પિતા, સંતાનો, ભાઈ-બહેન, સગાંવહાલાં કે વતનીથી વિખૂટા પડવાની પીડા અને દુઃખ અસહ્ય હોય છે. માણસથી માણસનો સાથ છૂટતો જાય એટલે જિંદગી ડૂબવા લાગે છે. વિચ્છેદ જીવનને ડુબાડે છે અને સંગાથ જીવનને તરતું રાખે છે. રાલ્ફ રોકમેન કહે છે એમઃ જહાજના જુદા જુદા ભાગને એક સૂત્રે બાંધવામાં આવે તો તે તરતા રહી શકે છે.'

- માણસના જીવનનું પણ એવું છે. કેટલુંક દુઃખદ હોય છે તો કેટલુંત સુખદ હોય છે. કેટલુંક કરુણ હોય છે તો કેટલુંક આનંદથી ભરપૂર હોય છે, પરંતુ એ બધું એકસાથે બંધાઈને એક એવી નૈયા બને છે, જે તરતી રહે અને ભાવિમાં સફર કરતી રહે છે.

- મોહમ્મદ મંકડ

★★★

Gujarat's No.1

28 CELEBRATION 1997 • 2020

Akshar® Travels Pvt. Ltd.

Akshar Group of Companies





3,50,000 HAPPY FAMILIES

270 EMPLOYEES

28 YEARS OF EXPERIENCE

20 LOCATIONS

DUCT TIME

AIR DUCT - DRYER VENT - CHIMNEY SWEEP



AIR DUCT & DRYER VENT CLEANING

DFW's Trusted Air Duct Cleaning Experts

FREE ESTIMATES





972-877-2500

CALLDUCTTIME.COM

LICENSED & INSURED

CONTACT: JITU PATEL

RESIDENTIAL - COMMERCIAL

સૂર્યાનો નવો સંકલ્પ.



આજકાલ - પ્રીતિ શાહ

- સૂર્યા કહે છે કે બાળકોને ટ્રાફિક અંગે વાત કરતા તે સમજતા હતા, પરંતુ તેને યાદ રાખીને ધારણ કરવાની સમસ્યા રહેતી હતી.

- સરકારના અહેવાલ મુજબ ૨૦૨૪માં ભારતમાં માર્ગ અકસ્માતમાં રોજના ૪૮૫ મૃત્યુ થયા હતા. બેંગાલુરુમાં વસતો સૂર્યા ઉત્કર્ષ પણ માત્ર છ વર્ષની વયે માર્ગ અકસ્માતનો ભોગ બનેલો. તેના પરિવારને શિવમોગ્ગા પાસે અકસ્માત નડયો હતો. જોકે છ ઍરબેગ ખુલી જવાથી કોઈ જાનહાનિ ન થઈ, પરંતુ આટલી નાની ઉંમરના સૂર્યાના ચિત્ત પર તે કારમી ઘટના અંકિત થઈ ગઈ. આજે નવમા ધોરણનો વિદ્યાર્થી સૂર્યા વિચારે છે કે જો ઍરબેગ ન ખૂલી હોત તો શું થાત? બેંગાલુરુની રાજાજીનગરમાં આવેલી નેશનલ પબ્લિક સ્કૂલમાં અભ્યાસ કરતાં સૂર્યા ઉત્કર્ષે બાર વર્ષની ઉંમરે ધ માર્ગ ઈનિશિયેટીવની સ્થાપના કરી છે, જે બાળકોને રોડ સેફ્ટી વિશે સમજાવે છે.

- તેણે નોંધ્યું કે ઘણા રોડ તો અસલામત હોય છે, પરંતુ તે ઉપરાંત ડ્રાઈવર પણ જાગૃતિ રાખ્યા વિના વાહન ચલાવે છે. માત્ર સારા ઈન્ફ્રાસ્ટ્રક્ચર કે માત્ર જાગૃતિથી નહીં ચાલે. બંને સાથે હશે તો જ અકસ્માત ઓછા થશે. આવા વિચારો કરનાર સૂર્યાને ૨૦૨૩માં યુએન દ્વારા આયોજિત વન મિલિયન ફોર વન બિલિયન એસ્કલેટર પ્રોગ્રામમાં જવાની તક મળી અને તેનો વિચાર એક મિશનમાં પરિવર્તિત થયો, તેની ઈચ્છા કોઈ નાનો પ્રોજેક્ટ કરવાની નહોતી. એક એવો પ્રોજેક્ટ કરવો કે જે ધીમે ધીમે વિક્સે, લોકો તેમાં જોડાય અને તે પોતે વ્યક્તિગત રીતે હાજર ન રહે તો પણ તે ચાલતો રહે એવા વિચાર સાથે ૨૦૨૪ના માર્ચ મહિનામાં ધ માર્ગ ઈનિશિયેટીવની શરૂઆત કરી. તેમના મુખ્ય ચાર સ્તંભ છે - અવેરનેસ, એડવોક સી, ઈનોવેશન અને ફંડરેઝિંગ. બાળકોમાં આ અંગે જાગૃતિ આવે તે માટે સ્કૂલોમાં, અનાથાશ્રમોમાં અને અન્ય જગ્યાઓએ ટ્રાફિકના નિયમો શીખવવાનું શરૂ કર્યું. તેમાં ટ્રાફિક સિગ્નલ્સના નિયમો, પગપાળા ચાલતા હોય તે લોકો માટેના નિયમો, સલામત રીતે રસ્તો કેવી રીતે ઓળંગવો, હેલ્મેટ અને સીટબેલ્ટનો ઉપયોગ વગેરે બાબતો શીખવવાથી શરૂઆત કરી.

- સૂર્યા ઉત્કર્ષ છથી અઢાર વર્ષની ઉંમરના બાળકોને ટ્રાફિકના નિયમો શીખવે છે, ત્યારે પ્રશ્ન એ થાય કે જે ઉંમરે તેમને વાહન ચલાવવાનું નથી તો તેમને શા માટે શીખવવું જોઈએ, પરંતુ તે માને છે કે એક તો બાળકો રોડનો ઉપયોગ કરે છે, ત્યારે તેમનું ધ્યાન રમતમાં વધુ અને પોતાની સલામતીમાં ઓછું હોય છે. બીજું કારણ એ છે કે બાળકોનું મન કંઈ પણ શીખવા માટે હંમેશાં ખુલ્લું હોય છે અને તરત જ શીખી જાય છે. ખરેખર તો આ બાબતોનો અભ્યાસક્રમમાં

સમાવેશ કરવો જોઈએ. જો તેમને નાની ઉંમરથી જ આ શીખવવામાં આવે તો તે એમના વર્તનમાં સ્વાભાવિક રીતે જ વણાઈ જાય છે. તેની આ વાતે શિક્ષણવિદો પર ઊંડો પ્રભાવ પાડયો. બેંગાલુરુની કેપ્સ્ટન હાઈસ્કૂલમાં તેણે માધ્યમિક સ્કૂલના વિદ્યાર્થીઓ માટે ધ માર્ગ ઈનિશિયેટીવ અંતર્ગત વર્કશોપ કરી. સ્કૂલના કો-ઓર્ડિનેટરે કહ્યું કે રોડ સેફ્ટી રોજિંદા જીવનમાં સહુના માટે મહત્ત્વની છે અને જ્યારે વિદ્યાર્થીઓને ઔપચારિક શિક્ષણ આપીએ કે સમજાવીએ એના કરતાં એક વિદ્યાર્થી આવી વાત કરે તેનો પ્રભાવ વધુ હોય છે અને તે તરત સ્વીકાર્ય બને છે.

- તેણે નેશનલ ઈન્સ્ટિટયૂટ ઑફ મેન્ટલ હેલ્થ અને ન્યૂરોસાયન્સીઝ તથા ડિપાર્ટમેન્ટ ઑફ એપિડીમિઑલૉજીના પ્રોફેસર સાથે મળીને બંગાલુરુના દસથી બાર સ્કાયવૉકના ડેટા મેળવવાનું નક્કી કર્યું. તેની પાછળ તેનો હેતુ એ હતો કે કોઈ ધારણાના આધારે નહીં, પણ ડેટાના આધારે ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ફેરફાર કરવાનો નિર્ણય લેવામાં આવે. સ્કાયવૉકમાં લિફ્ટ અને એસ્કેલેટર મોટાભાગે સિનિયર સીટીજન અને દિવ્યાંગો વાપરતા હતા, તેથી તેની સલામતીનો વિચાર કરવામાં આવે. સૂર્યા કહે છે કે બાળકોને ટ્રાફિક અંગે વાત કરતા તે સમજતા હતા, પરંતુ તેને યાદ રાખીને ધારણ કરવાની સમસ્યા રહેતી હતી. તેથી ઑક્ટોબર ૨૦૨૪માં તેણે રોડીઝ નામની મોબાઈલ ગેઈમ બનાવી, જે રમત દ્વારા રોડ સેફ્ટીની વાત સમજાવે છે. તે રમત રમનારા એવું માને કે આ સાધન કે નિયમનો ઉપયોગ કરવાથી રમતમાં જીત મેળવી શકાય છે તો વાસ્તવિક જીવનમાં પણ તેનો ઉપયોગ કરીને સફળતા મેળવી શકાશે. શરૂઆતમાં તેણે ત્રીસ હજાર રૂપિયામાં આ ગેઈમ બનાવી. સૂર્યા અને તેની ટીમે ધ માર્ગ ઈનીશિયેટીવ અને રોડીઝને એથર એનર્જી, ફોન પે, રેપિડો, નો બ્રોકર, કોઈન સ્વીચ જેવી કંપનીઓને બતાવી. આની પાછળ તેમનો ઉદ્દેશ ફંડરેઝિંગનો નહીં, પરંતુ ફીડબેક મેળવવાનો હતો. આ બધામાં તેમને બેંગાલુરુ ટ્રાફિક પોલીસનો સહયોગ મળ્યો છે. સૂર્યા સાથે વીસ સ્વયંસેવકો કામ કરે છે. અત્યાર સુધીમાં લેવી મુશ્કેલ હોય છે. તેથી તેણે બે હજાર સ્કૂલોને ઈમેલ કર્યા છે. આજે બેંગાલુરુ ઉપરાંત આગ્રા, દિલ્હી, સૂરત, કોલકાતા અને અસમમાં કામ કરે છે.

- પ્રીતિ શાહ

★★★









VIRAJ PATEL
NMLS: 1200136



TINO PATEL
NMLS: 275714

Securing Your Future

Call or Text 972-798-2110

Real Estate — VR REALTY

Mortgage — HOME WITH LOAN.com

Insurance — Dhan insurance

All Under One Roof!

info@homewithloan.com

COMPANY NMLS 186131

HONEST®
McKINNEY

www.HonestMckinney.com

H&M
TAX GROUP

Get timely support from an experienced tax professional in Dallas for all your tax and accounting needs.

13601 Preston Rd.
Ste. W104
Dallas TX 75240

http://hmtaxgroup.com

h&m TAX GROUP



Mohammad Mousa - CPA, MSc, MBA / Noshad Hooda - EA, FCCA, FPFA

CALL US TODAY @ 469-498-8000

Our team of financial professionals is here to help you.



Sudhir N Parikh, Agent
sparikh@ft.newyorklife.com
214-577-7760



Rajesh Sanchala, Agent
rrsanchala@ft.newyorklife.com
214-564-3416



Audrey Sreshta, Agent
asreshta@ft.newyorklife.com
214-674-8932



Dhirenkumar Mistry, Agent
dmistry@ft.newyorklife.com
214-621-5091



Hemant Patel, Agent
patelhk@ft.newyorklife.com
214-298-1599

NEW YORK LIFE Be good at life.

©2024 New York Life Insurance Company, 5005 LBJ Fwy Suite 1600, Dallas TX 75244

ROYAL SWEETS & FAST FOOD

Easygoing Eatery Offering Indian Food & Handmade Confections In A Simple Setting.

Business Hours
Mon - Sun
11:15 AM - 9:15 PM

Carryout Hours
Mon - Sun
11:15 AM - 8:45 PM

Delivery Hours
Mon - Sun
11:15 AM - 8:45 PM



8600 N MacArthur Blvd Apt 138 Irving, TX 75063
(972) 636-1385
Order On : www.royalsweetsandfastfood.com

RTI
Snacks
PaniPuri

RTI
Snacks
Proudly Made in the USA,
Designed to give you the
Real Taste of India



rtisnacks.com

Buy. Sell. Invest. Elevated.

- Residential&LuxuryRealEstate Expertise
- Strategic Negotiation. Seamless Contracts.
- Personalized, Stress-Free Moves Across DFW





Shital Balar

I'm eagerand excited to learn about yourreal estate dreams, so we can work hard to achieve them together. For me, family always comes first, and I'll treat you like you're a part of mine. You'll appreciate the unique way I will guide you through the process. I feel happiest when I'm making others happy & I cannot wait to show you my passion for customer service!

+1 (214) 558-1131
shitalbalar@ebby.com

How May I Help You?

SONNYREENA LLC
Heating | Ventilation | Air Conditioning
+1 (469) 543-7600
+1 (214) 738-0260
www.sonnyhvac.com



TRAVEL KING
INTERNATIONAL
EST. 1979



TRAVEL KING
INTERNATIONAL
EST. 1979
Agent@FlyTravelKing.com
(972) 235-9500 | @TravelKing
We Make Travel Easy.
Always Travel Like A King.



UNIVERSAL
Green Group
UNIVERSAL EV Chargers
UNIVERSAL Green Developers
UNIVERSAL Solar System





LAKESIDE ESTATES, 2737 EASTRIDGE BLVD, PRINCETON, TX!

SMART SPACES. THOUGHTFUL DESIGNS. HOMES BUILT FOR HOW YOU TRULY LIVE.

Discover beautifully crafted homes in peaceful communities, designed with modern features, open layouts, and room to grow—perfect for families, entertainers, and dreamers alike.

Contact us: **+1 (855) 542-5854**



UNIVERSAL EV CHARGERS

POWER UP YOUR BUSINESS! EV CHARGING STATIONS AT NO COST—ASK US HOW!

Universal EV Chargers offers turnkey, hassle-free EV charging solutions at No Cost—backed by grants, expertise, and a nationwide footprint. Let's electrify your property!

Contact us: **+1 (866) 350-2738**




Harvy's
EXPERIENCE THE CREAMIEST, MOST DELICIOUS HANDCRAFTED ICE CREAMS & SPECIALTY DESSERTS
INDO italian ice Cream
ICE CREAM
FALOODAS
KULFIS
SPECIALITY DESSERT
PIZZA
KATTI ROLLS
DRINKS & MORE...
15901 ROLATER RD #403,
FRISCO, TX 75035.
PH: 469-796-5006


Call us
(214) 716-0651
Uber Eats
We deliver with GRUBHUB
VEGETARIAN RESTAURANT
GOPAL
(214) 716-0651
TAKE-OUT

GuruTaxPro

For All Your Tax Needs

1640 Highland Falls Dr. Ste 302, Leander, TX 78641.

- ☑ Tax Preparation and Planning (Individual & Business)
- ☑ Multi States Tax Filing
- ☑ All other business services (Bookkeeping , Payroll)
- ☑ Foreign compliance (FBAR, FATCA, 5471, etc)
- ☑ ITIN & Certifying acceptance agent Services
- ☑ Indian Tax service & Repatriation
- ☑ Notary Services.

BEST SERVICE ASSURED



TAX TIME

Guru Dorsala

EA Admitted to Practice Before IRS.

+1(512)234-3366 +1(512)317-0443

IRS e-file ACCREDITED BUSINESS

tax@gurutaxpro.com www.gurutaxpro.com

Omega

Travel & Tours LLC

214-912-4800



OMEGA TRAVEL & TOURS

FOR ALL YOUR TRAVEL NEEDS
INTERNATIONAL / DOMESTIC / CORPORATE
LAST MINUTE TRAVEL DEALS
SPECIAL PACKAGES TO: EUROPE, USA, AFRICA, AUSTRALIA, MEXICO, CARIBBEAN, SOUTH AMERICA.

RETIRED
Trupti Dixit (Retired)
OMEGA TRAVEL & TOURS LLC
8339 Charleston street
Irving Tx 75063
E-mail: truptidixit@hotmail.com

Contact Us - ALLEN, TEXAS OFFICE
Trupti Dixit, CEO
Omega Travel & Tours LLC
New Location: 1201 Central Expy N
Allen, TX 75013
Cell: 214-912-4800

WILLS & TRUSTS

Plan Today. Protect Tomorrow.

Secure your legacy. Provide for your loved ones.



WHY YOU NEED A WILL

- Decide who inherits your assets — not the state
- Appoint guardians for minor children
- Reduce family disputes
- Make sure your wishes are honored

WHY YOU MIGHT NEED A TRUST

- Avoid probate court delays and costs
- Maintain privacy of your estate
- Protect assets for future generations
- Provide for special needs or specific conditions

Free Consultation Available

Let us help you create a personalized estate plan.

TRIDENT
FINANCIAL CONSULTANTS
Your Life, Your Freedom, *Your Way!*

Phone:
Alok
945 446 5005

Your Legacy. Your Way

VP REALTY SERVICES

- Your property, our priority
- Experience you can trust
- Service you can rely on
- Focused on maximizing your investment



VP REALTY SERVICES

Built on **trust, excellence,** and **years of experience,** VP Realty Services manages every property with precision and care, providing a seamless experience you can rely on.

viren@vprealtyservices.com | www.vprealtyservices.com

Contact Us
817-874-3536

Hope of Gujarat

HOPE OF GUJARAT SHREE ANANDIBAA TRUST

HOPE IN HAPPINESS

Founded by ASHOK BAROT

+1 (386) 832-7192 hopeofgujarat@gmail.com

www.hopeofgujarat.com

પ્રસંગકથા : માત્ર 'ન મારવું' એ જ અહિંસા નથી !



ગાંધીજીએ 'મંગળ પ્રભાત'માં અહિંસાનું દર્શન કરાવ્યું છે તેને પ્રથમ પ્રસ્તુત કરું છું. આ અહિંસા આજે આપણે જે જાડી વસ્તુ જોઈએ છીએ તે જ નથી. કોઈને ન જ મારવું એ તો છે જ. કુવિચાર માત્ર હિંસા છે. મિથ્યા ભાષણ હિંસા છે, દ્વેષ હિંસા છે. કોઈનું બૂરું ઈચ્છવું હિંસા છે. જે જગતને જોઈએ છે તેનો કબજો રાખવો એ પણ હિંસા છે.

- પણ આપણે ખાઈએ છીએ તે જગતને જોઈએ છે. જ્યાં ઊભા છીએ ત્યાં સેંકડો સૂક્ષ્મ જીવો પડ્યા છે. તે કોચવાય છે, એ જગ્યા તેમની છે. ત્યારે શું આત્મહત્યા કરીએ? તોયે આરો નથી. અહિંસા વિના સત્યની શોધ અસંભવિત છે. હરિશ્ચંદ્ર, પ્રહલાદ, ઈમામ હુસેન, ખ્રિસ્તી સંતો વગેરેનાં દૃષ્ટાંતો વિચારી જવા જોઈએ.

- બૃહદ ગુજરાતી કોશમાં અહિંસાનો અર્થ આ રીતે સમજાવ્યો છે. (હિંસા) સ્ત્રીલિંગ. હિંસાનો અભાવ પ્રાણીઓનો વધ ન કરવો એ. મન, વાણી, કર્મથી પણ કોઈની હિંસા ન કરવાની પ્રક્રિયા.

તમે સંહારથી ત્રાસ્યા, જગતની એક આશ છો,
અહિંસાનો સરવાળો એટલે ગાંધીજી. જે યુગમાં આપણે રહેવા માગતા હોઈએ એ જ આપણો યુગ છે.

- 'un to this last' જહોન રસ્કિનનો એક વિચાર 'સર્વોદય' જેને આ યુગમાં ભગવાન મહાવીરે તો આત્મસૂઝ સાથે જ કરેલો. હિંદુસ્તાન બુદ્ધ, મહાવીર અને ગાંધીનો દેશ છે. જ્યાંથી સૌપ્રથમ દુનિયાને અહિંસાનો દીપ મળ્યો. આ દેશ એ જ છે, જે દેશમાં સમ્રાટ અશોકના હૃદયમાં હિંસાથી અહિંસાના પરિવર્તનની એક પ્રક્રિયા મળી. એ સમાજને આજે આપણે આપણા મહાવીર, બુદ્ધ, ગાંધી અને અશોકના પુનિત પગલે પવિત્ર કરી અહિંસક સમાજ રચ્યો છે. એટલે જ હિંસાથી નહીં રાષ્ટ્રને અને વિશ્વને અહિંસાની મંઝિલ તરફ લઈ જવાના આપણા પ્રયત્નો રહ્યા છે.

- અહિંસા વિના સત્યની શોધ અસંભવિત છે. અહિંસા અને સત્ય એવાં ઓતપ્રોત છે જેમ સિક્કાની બે બાજુ અથવા લીસી ચકરડીની બે બાજુ, તેમાં ઉલટી કઈ અને સૂલટી કઈ? છતાં અહિંસાને સાધન ગણીએ, સત્યને સાધ્ય ગણીએ.

- અહિંસાનો માર્ગ જેટલો સીધો છે એટલો જ સાંકડો છે; ખાંડાની ધારે ચાલવા જેવો છે. બજાણિયા જે દોરી ઉપર એક નજર કરી ચાલી શકે છે તેના કરતાં પણ અહિંસાની દોરી પાતળી છે. જરા અસાવધાની આવી કે હેઠે પડીએ. પ્રતિક્ષણ સાધના કરવાથી જ તેના દર્શન થાય. તેથી જ અહિંસા જિજ્ઞાસુને જડી.

- હિંસા અટકાવનાર મહાપુરુષોને જગતે શું બદલો આપ્યો. મનસુરને ફાંસી, ઈસુને શૂળી, ગાંધીને ગોળી, સોક્રેટિસને ઝેર અને કેનેડીને કારતુસ આપનાર હિંસક સમાજ. પણ આશા રાખીએ કે સાંપ્રત સમયમાં અહિંસાના સોનેરી માર્ગ ઉપર વિશ્વ અવશ્ય પ્રસ્થાન કરશે.

- નટવર આહલપરા

D/FW Gujarati Samaj, Inc.

A Non-Profit Organization

429 Belle Grove,
Richardson, TX - 75080

D/FW Gujarati Samaj Publication
Gujarati Magazine

This Gurjari is complied by
Gurjari Team : Bela Shah & Viren Shah

આપનું સરનામું બદલાયું છે ?

આપનું સરનામું બદલાયું હોય તો આપનું નવું સરનામું અમને તરત જ મોકલી આપશો. ગુર્જરી બલ્ક રેટથી રવાના કરવામાં આવે છે એટલે પોસ્ટ ખાતા તરફથી અંકો તમને 'ફોરવર્ડ' કરવામાં આવશે નહીં. આપ અથવા આપના સંબંધી કે મિત્ર સભ્ય હો છતાં ગુર્જરી ન મળતું હોય તો અમારો સંપર્ક સાધો જેથી વિના વિલંબે આપને ગુર્જરીના અંકો મળતા રહે. આ બાબત માટે આપનો સહકાર ઘણો અનિવાર્ય છે.

વધુ માહિતી માટે સંપર્ક કરો :

dfwgujaratisamaj@gmail.org

GUJARATI SAMAJ MEMBERSHIP
www.dfwgujaratisamaj.org

469-573-4650

Special Thanks
Gujarati Samaj Donors

Inaben and Rajendra Vankawala



Surekhaben & Chandrakant (Chen) Patel



Binita and Maheshbhai Vankawala
(BPMP Management Inc)



Rasilaben and Maheshbhai Patel



Meenaben and Piyushbhai Patel



Prafulbhai Patel



INDIA ASSOCIATION OF NORTH TEXAS

D/FW Hindu Temple Society
Ekta Mandir

SPCS
Unity Through Community

Texas Indo American Physicians Society
Northeast Chapter

SURTI LEUVA PATIDAR SAMAJ
DALLAS - FORT WORTH

DFW Kadwa Patel Samaj

VYO
Vallabh Youth Organization
We Serve Happiness

Federation of Gujarati Associations of USA (FOGA-USA)

"Connect all Gujaratis living in United States of America"

www.FogaUSA.org


Subscribe to our
YouTube Channel
INDIA ASSOCIATION OF NORTH TEXAS
DALLAS FORTWORTH
Estd.
1962
www.iant.org
75
Azadi Ka
Amrit Mahotsav

www.IANT.org


DIGITAL SHAADI
CINEMA & PHOTO
•SAME DAY EDITS
•ONSITE PHOTOBOOTHS
•FREE ENGAGEMENT SESSIONS
•FULL VIDEO + PHOTO PRODUCTION TEAM
SPECIAL SAMAJ
MEMBER PRICING!
PARTHIV MISTRY: 214.676.3257 // MUKESH MISTRY: 214.415.4401
WWW.DIGITALSHAADI.COM // WEDDINGS@DIGITALSHAADI.COM
@DIGITALSHAADI
DFW Gujarati Samaj
facebook
TikTok
MVP
DIGITAL PRODUCTIONS
CINEMATIC VIDEO & PHOTOGRAPHY
www.DIGITALSHAADI.com
MUKESH MISTRY | 214.415.4401

Niren Patel, CPA PLLC

Partner in Prosperity
આપની સમૃદ્ધિ ના સાથી

1700 Alma Dr, Suite 200, Plano, TX 75075
972 468 6111 | www.nirenpatelcpa.com
CPA & Professional Consultants



Serving clients across US since 2002

We proudly serve in ગુજરાતી

✦ **Services we provide:**
- ⋆ Accounting
- ⋆ Payroll
- ⋆ Sales Tax
- ⋆ Company Formation
- ⋆ High Net Worth Tax Planning
- ⋆ Business Tax Returns (Multi-State)

✦ **Industries we serve:**
- ⋆ Hotel / Motel
- ⋆ C-Stores / Gas Stations
- ⋆ Healthcare
- ⋆ Real Estate
- ⋆ Restaurant & Fast Food Chains
- ⋆ Small Businesses
- ⋆ Sports Bar

Thanks!

megh technologies

www.MeghTechnologies.com

60+ Professionals at your disposal

1200+ Projects Executed

500+ Clients served from 12 Countries

Corporate Office

911, Sanket Heights, Sun Pharma Road, Old Padra Road, Vadodara, Gujarat, India -390020

Dubai Office

Office number 106, 1st floor, Sarah Building, Garhoud, Dubai, U.A.E



732-983-9286

www.gujaratdarpan.com

Thanks!



DARE TO EXCEL
TEXAS STAR
REHAB AND PERFORMANCE CENTER

469-647-4833

info@TexasStarRehab.com

www.TexasStarRehab.com

Thanks!

CHASE HOSPITALITY

Chase Hospitality Group

Nilaben and Narendrabhai Pranav

Holiday Inn

Sureshbhai Patel & Gordhanbhai Patel

Comfort™
SUITES

640 E Park Blvd. Plano TX 75074
214-448-6565
kapish6565@yahoo.com

Rakeshbhai & Chhayaben Patel

Microsoft Azure

Microsoft Azure

Technology Partner!


Bank of America
ATM
• Deposit cash or up to 10 checks
• Get cash
• Set preferences
• And more
ATM
• Deposit cash or up to 10 checks
• Get cash
• Set preferences
• And more
ATM with Teller Assist
Thanks!


sodastream
WALKERS
Doritos
Cheetos
Tropicana
pepsi
CAP'N CRUNCH
Lay's
PEPSICO
7UP
QUAKER
TOSTITOS
Mtn Dew
Naked
GATORADE
Ruffles

Thanks!

For Online Member Registration

YouTube

Website

Twitter

https://www.DFWGujaratiSamaj.org

Thanks!

Join our WhatsApp Group

WhatsApp

Scan me & stay up to date

Visit Samaj Website for Donations !!!

Website

https://www.DFWGujaratiSamaj.org

Thanks!

Do you have any questions?

dfwgujaratisamaj@gmail.com

www.DFWgujaratisamaj.org

Facebook

Instagram

TikTok

SCAN ME

Thanks!

Greetings to All DFW Gujarati Samaj Patrons

TELKIA

Trusted Engineering Services Partners

More Information

Special Thanks to Our Customers

amdocs T-Mobile AT&T

Our Global Offices :

TEXAS
USA

VICTORIA BC
CANADA

HYDERABAD
INDIA

DUBAI
UAE

To Sunil, Sharmila, Chris & Puja Dharod:

Thank You All for Supporting
DFW Gujarati Samaj

SSCP

Applebee's GRILL + BAR | cicis pizza | SONIC | CORNER BAKERY

SSCP REAL ESTATE | jmc distribution | PUJA FOUNDATION

Our mission is to create limitless career opportunities,
where people can grow both personally and professionally.

JOIN OUR FAMILY!

Franchise Opportunities for Cicis Pizza, Corner Bakery & Roy's
Call us Today: (972-644-9494) ext. 100

SSCP REAL ESTATE

- Portfolio Purchases
- Individual Site Purchases
- Direct Buyer!
- No Broker Fees
- Offers in 3-5 Days
- 30-60 Day Closing

UNLOCK YOUR BUSINESS VALUE!
CONTACT US TODAY!

Kerry Assa - *Director of Real Estate*

214-926-4873 | Kassa@sscpmanagement.com

sscpmanagement.com